dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -09 | Issue- 162 | AD -2026, Chaitra Sud -02 | Friday, Dt. 20-03-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ગુરુવારે ભારતીય શેરબજારમાં વર્ષનો સૌથી મોટો કડાકો બોલાયો

## શેરબજાર કડડભૂસ : સેન્સેક્સ ૨,૬૦૦ પોઈન્ટ તૂટ્યો, રોકાણકારોના ૧૦ લાખ કરોડ સ્વાહા

મુંબઈ, તા.૧૯

પશ્ચિમ એશિયામાં વધતા જતા ભૌગોલિક રાજકીય તણાવ અને વૈશ્વિક બજારોમાં મચેલી હાહાકારની સીધી અસર ભારતીય શેરબજાર પર જોવા મળી છે. ગુરુવારે ભારતીય શેરબજારમાં વર્ષનો સૌથી મોટો કડાકો બોલાયો હતો, જેમાં બીએસઈ સેન્સેક્સ ૨,૬૦૦ પોઈન્ટથી વધુ ગગડીને ૭૪,૦૭૦ની સપાટીએ પહોંચી ગયો હતો. સતત ત્રણ દિવસની તેજી બાદ બજારમાં આવેલી આ સુનામીને કારણે રોકાણકારોના આશરે ૧૦ લાખ કરોડ રૂપિયા ધોવાઈ ગયા છે. નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી-૫૦ ઈન્ડેક્સ પણ ૨૩,૦૦૦ની મહત્વપૂર્ણ સપાટી તોડીને નીચે બંધ રહ્યો હતો, જે બજારમાં પ્રવર્તી રહેલી ગભરાટની સ્થિતિ દર્શાવે છે. આ ભયાનક વેચવાલી પાછળ મુખ્યત્વે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો સંઘર્ષ જવાબદાર માનવામાં આવે છે. ઈરાનના મુખ્ય ગેસ ઉત્પાદન ક્ષેત્રો અને કતારમાં વિશ્વની સૌથી મોટી એલએનજી ઉત્પાદન સુવિધા પર થયેલા હુમલાઓએ ઉર્જા પુરવઠામાં મોટા વિક્ષેપની આશંકા જન્માવી છે. ઉર્જા માળખા પરના આ હુમલાઓને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં જોરદાર ઉછાળો આવ્યો છે અને બ્રેન્ટ ક્રૂડ ૧૧૨ ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયું છે. ઉર્જાના વધતા ભાવ ફુગાવાને વધુ વેગ આપી શકે છે તેવી ચિંતામાં વૈશ્વિક રોકાણકારોએ મોટા પાયે વેચવાલી હાથ ધરી હતી. બજારમાં કડાકાનું બીજું મુખ્ય કારણ યુએસ ફેડરલ રિઝર્વનું કડક વલણ રહ્યું છે. ફેડરલ રિઝર્વે વ્યાજ દરો સ્થિર રાખ્યા હોવા છતાં, તેના અધ્યક્ષ જેરોમ પોવેલે તેમની પ્રેસ કોન્ફરન્સમાં વારંવાર અનિશ્ચિતતા શબ્દનો પ્રયોગ કર્યો હતો. તેમણે



સંકેત આપ્યો હતો કે ટેરિફ અને ઉર્જા કટોકટીને કારણે ફુગાવો હજુ પણ જોખમી સ્તરે રહી શકે છે, જેના કારણે ભવિષ્યમાં વ્યાજ દરોમાં ઘટાડાની શક્યતા નહિવત દેખાય છે. ફેડના આ હઠીલા વલણને કારણે વૈશ્વિક બજારોમાં નકારાત્મકતા ફેલાઈ હતી. શેરબજારની વ્યક્તિગત કંપનીઓની વાત કરીએ તો, સેન્સેક્સની ૩૦ મુખ્ય કંપનીઓમાંથી મોટાભાગની લાલ નિશાનમાં ટ્રેડ થઈ રહી હતી. એચડીએફસી બેંકના ચેરમેન અતનુ ચક્રવર્તીએ નૈતિક ચિંતાઓનો હવાલો આપીને અચાનક રાજીનામું આપતા બેંકના શેરમાં ૩ ટકાથી વધુનો ઘટાડો જોવા મળ્યો હતો. આ ઉપરાંત લાર્સન એન્ડ ટુબ્રો, એક્સિસ બેંક, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને બજાજ ફાઈનાન્સ જેવી બ્લુ-ચિપ કંપનીઓમાં પણ ભારે વેચવાલી જોવા મળી હતી. માત્ર એનટીપીસી અને પાવર ગ્રીડ જેવી સરકારી કંપનીઓ જ આ ઘટાડા સામે ટકી શકી હતી. માત્ર ભારત જ નહીં, પરંતુ સમગ્ર એશિયન અને અમેરિકન બજારોમાં પણ મંદીનું મોજું જોવા મળ્યું હતું. જાપાનનો નિક્કી ઈન્ડેક્સ ૨ ટકાથી વધુ તૂટ્યો હતો, જ્યારે હોંગકોંગ, તાઈવાન અને દક્ષિણ કોરિયાના બજારોમાં પણ ૧.૫ ટકા સુધીનો ઘટાડો નોંધાયો હતો. અમેરિકામાં ડાઉ જોન્સ અને નાસ્ડેક પણ નકારાત્મક બંધ રહ્યા હતા. બજારના નિષ્ણાત અજય બગ્ગાએ ચેતવણી આપી છે કે ગલ્ફ ક્ષેત્રમાં તણાવ અત્યંત ખતરનાક સ્તરે પહોંચી ગયો છે, જેની અસર આગામી દિવસોમાં પણ બજાર પર જોવા મળી શકે છે. કોમોડિટી બજારમાં પણ અસ્થિરતાનો માહોલ રહ્યો હતો. સોના અને ચાંદીના ભાવમાં પણ ઘટાડો નોંધાયો હતો. ૨૪ કેરેટ સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ ૧,૫૨,૦૨૬ રૂપિયા રહ્યો હતો, જ્યારે ચાંદી પ્રતિ કિલો ૨,૪૪,૭૫૬ રૂપિયા પર ટ્રેડ થઈ રહી હતી. નિષ્ણાતોના મતે, જ્યાં સુધી પશ્ચિમ એશિયામાં યુધ્ધ જેવી સ્થિતિ શાંત નહીં થાય અને ઉર્જા પુરવઠો સુવ્યવસ્થિત નહીં થાય, ત્યાં સુધી બજારમાં ઉતાર-ચઢાવ ચાલુ રહેશે. હાલના તબક્કે રોકાણકારોને સાવચેતી રાખવાની અને ઉતાવળમાં કોઈ પણ મોટો નિર્ણય ન લેવાની સલાહ આપવામાં આવી રહી છે.





## ભવિષ્યના યુધ્ધોમાં ડ્રોન નિર્ણાયક રહેશે, ભારતે આ ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવું પડશે : રાજનાથ સિંહ

નવી દિલ્હી,તા. ૧૯

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે નવી દિલ્હીમાં આયોજિત 'રાષ્ટ્રીય સંરક્ષણ ઉદ્યોગ સંમેલન'માં સંબોધન કરતા ડ્રોન ટેકનોલોજીના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું કે બદલાતા સમયમાં ભારત માટે ડ્રોન ઉત્પાદન ક્ષેત્રે આત્મનિર્ભર બનવું અનિવાર્ય છે. રશિયા-યુક્રેન અને ઈરાન-ઈઝરાયેલ વચ્ચેના વર્તમાન સંઘર્ષોનો ઉલ્લેખ કરતા સંરક્ષણ મંત્રીએ કહ્યું કે, આ યુધ્ધોએ સાબિત કરી દીધું છે કે ભવિષ્યના સંઘર્ષોમાં ડ્રોન અને એન્ટી-ડ્રોન



ટેકનોલોજીની ભૂમિકા સૌથી મહત્વપૂર્ણ રહેશે. ભારતની વ્યૂહાત્મક સ્વતંત્રતા જાળવી રાખવા માટે આપણે અન્ય દેશો પર નિર્ભર રહેવાને બદલે સ્વદેશી ઈકોસિસ્ટમ વિકસાવવી પડશે. રાજનાથ સિંહે સ્પષ્ટ કર્યું કે આત્મનિર્ભરતાનો અર્થ માત્ર ડ્રોનનું એસેમ્બલિંગ નથી, પરંતુ તેના દરેક નાના-મોટા ઘટકો જેવા કે મોલ્ડ, સોફ્ટવેર, એન્જિન અને બેટરી ભારતમાં જ નિર્મિત (Made in India) હોવા જોઈએ. તેમણે સ્વીકાર્યું કે આ કાર્ય પડકારજનક છે કારણ કે વિશ્વના મોટાભાગના દેશો હજુ પણ મહત્વના ભાગોની આયાત કરે છે, પરંતુ ભારતે આ અવરોધ પાર કરવો જ પડશે.

તેમણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), રોબોટિક્સ અને સિમ્યુલેશન જેવી ટેકનોલોજીના ઉપયોગ પર ભાર મૂક્યો હતો. આ કોન્ફરન્સમાં દેશની અગ્રણી સંરક્ષણ કંપનીઓના વડાઓ અને નિષ્ણાતો ઉપસ્થિત રહ્યા હતા.

## વનતારા દ્વારા કરવામાં આવેલી પ્રાણીઓની આયાતમાં CITES કે અન્ય કોઈ સ્થાનિક કાયદાનું ઉલ્લંઘન થયું નથી : સુપ્રિમ કોર્ટ

ભારતની સુપ્રીમ કોર્ટે ૯ માર્ચ ૨૦૨૬ના રોજ આપેલા પોતાના ચુકાદા દ્વારા રિટ પિટિશન નંબર ૧૧૧૩/૨૦૨૫ને ફગાવી દેતાં એક ફાઉન્ડેશને વનતારા વિરુદ્ધ કરેલા એ તમામ આરોપોને નકારી કાઢ્યા છે, જેમાં દાવો કરાયો હતો કે વિદેશોમાંથી કરાયેલી સંખ્યાબંધ પ્રાણીઓની આયાતમાં CITES હેઠળ આવતાં આંતરરાષ્ટ્રીય વન્યજીવ વ્યાપારી નિયમોનું ઉલ્લંઘન કરાયું છે. અદાલતને આ અરજીમાં કોઈ તથ્ય જણાયું નથી અને અગાઉ અદાલત દ્વારા નિયુક્ત સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) દ્વારા વનતારાને આપવામાં આવેલી "ક્લીનચીટ"ની પુનઃપુષ્ટિ કરાઈ છે. અગાઉ આ SITના તારણોને અગાઉની કોઓર્ડિનેટ બેન્ચ દ્વારા સ્વીકારવામાં આવ્યા હતા. SIT અને CITES સેક્રેટરીએટ બંનેએ સ્વતંત્ર રીતે તપાસ કરી હતી અને તેઓ એ નિષ્કર્ષ પર આવ્યા હતા કે વનતારાની આયાત પ્રક્રિયા કે દસ્તાવેજોમાં કોઈપણ સ્થાનિક અથવા આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કરાયું નથી કે ક્યાંય અનિયમિતતા જોવા મળી નથી. અદાલતે એમ પણ ઠેરવ્યું હતું કે, કાયદેસર રીતે આપવામાં આવેલી મંજૂરીઓ પર માત્ર એ કારણસર જ પ્રશ્ન ઉઠાવી શકાય નહીં કે પ્રાણીઓના સ્થાનાંતરણ પછી જ આક્ષેપો ઉદભવ્યા છે. અદાલતે એવું પણ અવલોકન કર્યું કે જે પ્રાણીઓ પહેલેથી જ કાયદેસર અને પ્રેમાળ વાતાવરણમાં સ્થાયી થઈ ગયા હોય, તેમને ખલેલ પહોંચાડવી તે પોતે જ એક પ્રકારની ક્રૂરતા ગણાશે.



આ આદેશ સાથે વનતારાની કામગીરી સામેના વધુ એક પડકારનો અંત આવ્યો છે. જવાબદારીપૂર્ણ અને માનવીય અભિગમ સાથે પ્રાણીઓની સંભાળ પરત્વે વનતારાની પ્રતિબદ્ધતાને દેશની સર્વોચ્ચ અદાલત દ્વારા પણ સંપૂર્ણપણે ન્યાયસંગત ઠેરવવામાં આવી છે.

**વનતારા વિશે**

વનતારા ખાતે, દરેક આવનારું પ્રાણી પોતાની સાથે એક કહાણી લઈને આવે છે, જે ઘણીવાર ઈજા, ઉપેક્ષા, દુર્વ્યવહાર, વિસ્થાપન અથવા વિપરીત પરિસ્થિતિઓ સામે ટકી રહેવાને લીધે સર્જાયેલી હોય છે, અને તે પીડાદાયક સફર તેના બચાવ, રિકવરી અને ગૌરવપૂર્ણ જીવનમાં પરિવર્તિત થાય છે. ગુજરાતના જામનગરમાં એક વિશાળ કુદરતી લેન્ડસ્કેપ પર સ્થિત, વનતારા એક જીવંત ઈકોસિસ્ટમ તરીકે કાર્યરત છે જ્યાં પ્રાણીઓના ઘરો કુદરતી આવાસોને પ્રતિબિંબિત કરે છે અને ગમેત્યાં વિચરણની આઝાદી, સામાજિકીકરણ, ખોરાક-પાણી અને સાર્વત્રિક સુખાકારી માટે જરૂરી અન્ય વર્તણૂકોને સાહજિક બનાવે છે. તેની વિશ્વકક્ષાની વન્યજીવ હોસ્પિટલોમાં અદ્યતન તબીબી સંભાળથી જ ઉપચાર શરૂ થઈ જાય છે, અને તે નિરંતર પુનર્વસન, જે-તે પ્રજાતિ માટેના વિશિષ્ટ ન્યૂટ્રીશન, સંવર્ધન અને આ દુભાયેલા જીવોનો આત્મવિશ્વાસ પ્રસ્થાપિત કરીને તેમનો તણાવ ઘટાડે તેવું વાતાવરણ ઉપલબ્ધ કરાવીને સતત ચાલુ રહે છે. એકસમયે વર્ષો સુધી જકડી રખાયેલા અથવા પરેશાની ભોગવી ચૂકેલા હાથીઓ અહીં હાથીઓ માટેની વિશાળકાય કેર ફેસિલિટીમાં સાંકળોના કોઈ પણ જાતના બંધન વિના ચાલીને, ખુલ્લા જળાશયોમાં સ્નાન કરીને અને સમુદાય સાથે સંવેદનાનો નાતો સાધીને પોતાની આઝાદીને ફરી માણે છે. જ્યારે હ્યુમન કોન્ફલિક્ટ એરિયામાંથી રેસ્ક્યુ કરાયેલી અથવા સાંકડા પાંજરામાંની કેદમાંથી ઉગારીને અહીં લવાયેલી બિગ કેટ્સને મોકળાશભરી જગ્યા ફાળવાય છે જેથી તે પોતાના કુદરતી આવાસમાં જ હોય તેવું અનુભવી શકે. વિજ્ઞાન, સહાનુભૂતિ અને જીવન પ્રત્યે ઊંડા આદર થકી માર્ગદર્શન મેળવીને, વનતારા વાસ્તવમાં પશુચિકિત્સકો, જીવવિજ્ઞાનીઓ, ક્યુરેટર્સ અને કેરગિવર્સને એકસાથે લાવ્યું છે જેથી જીવનની ગુણવત્તાને અર્થપૂર્ણ રીતે સુધારી શકાય, દરેક બીજી તકને ગરિમાપૂર્ણ જીવનમાં તબદિલ કરી શકાય, આગળ વધતા દરેક કદમને રિકવરીની દિશામાં માંડી શકાય, તેમજ દરેક જીવનને પાંગરવાની વધુ સારી તક પૂરી પાડી શકાય.

## ભારતનું પોખરણમાં 'પિનાકા એક્સટેન્ડેડ રેન્જ' રોકેટનું સફળ પરિક્ષણ


નવી દિલ્હી,તા. ૧૯

સંરક્ષણ ક્ષેત્રે 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને સાકાર કરતા દેશે વધુ એક ઐતિહાસિક સફળતા મેળવી છે. રાજસ્થાનના પોખરણ ફિલ્ડ ફાયરિંગ રેન્જ ખાતે સોલાર ગ્રુપ દ્વારા ઉત્પાદિત 'પિનાકા એક્સટેન્ડેડ રેન્જ' રોકેટના બે ઉત્પાદન બેચનું સફળતાપૂર્વક પરિક્ષણ કરવામાં આવ્યું છે. આ પ્રથમ ઘટના છે જ્યારે કોઈ ખાનગી ભારતીય કંપનીએ ૨૪ ગાઈડેડ પિનાકા રોકેટ દ્વારા પોતાની ચોકસાઈ અને ઘાતકતાનું સફળ પ્રદર્શન કર્યું હોય.

વિશ્વભરમાં વધી રહેલા ભૌગોલિક-રાજકીય તણાવ વચ્ચે ભારતનું આ પરીક્ષણ અત્યંત વ્યૂહાત્મક માનવામાં આવે છે. પિનાકા ઈઆર (ER) રોકેટ સિસ્ટમે ૫૦ કિમીથી વધુની રેન્જ અને ચોકસાઈપૂર્વકના પ્રહારની ક્ષમતા પુરવાર કરી છે. પરિક્ષણ દરમિયાન કુલ ૨૪ રોકેટ લોન્ચ કરવામાં આવ્યા હતા, જેમણે તમામ માપદંડો પર અસાધારણ પ્રદર્શન કર્યું હતું. આ સિસ્ટમ અમુક અંશે ક્રુઝ મિસાઈલની જેમ સચોટ પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે, જે ભવિષ્યના યુધ્ધોમાં 'ગેમ-ચેન્જર' સાબિત થશે. પિનાકા એ મલ્ટી-બેરલ રોકેટ લોન્ચર સિસ્ટમ છે, જે મૂળભૂત રીતે દ્વારા ભારતીય સેના માટે વિકસાવવામાં આવી છે. જોકે, હવે સોલાર ગ્રુપ જેવી ખાનગી કંપનીઓ દ્વારા તેનું ઉત્પાદન થવું એ સંરક્ષણ ક્ષેત્રમાં ખાનગી ભાગીદારી અને સ્વદેશી ક્ષમતામાં થયેલા વધારાનું પ્રતીક છે.







સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શુક્રવાર, તા.૨૦-૦૩-૨૦૨૬

# અમરેલીમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા રામનવમી કાર્યાલયે મહાઆરતીનું આયોજન

અમરેલી,તા.૧૯



વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી નગર ટીમ દ્વારા આગામી ૨૬ માર્ચ ૨૦૨૬ ના રોજ રામનવમી નિમિત્તે યોજાનાર શોભાયાત્રાના આયોજનના ભાગરૂપે, સિનિયર સિટીઝન પાર્ક ખાતેના કાર્યાલયે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આરતીમાં સમસ્ત બ્રહ્મ સમાજ, રોટરી ક્લબ ઓફ ઈન્ટરનેશનલ અમરેલી (ગીર), રોટરેક્ટ ક્લબ ઓફ અમરેલી અને ધર્મ પરિષદ ગ્રુપ સહિતની વિવિધ સંસ્થાઓના હોદ્દેદારો અને આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

આ ધાર્મિક પ્રસંગે બ્રહ્મ સમાજના જિલ્લા પ્રમુખ મુકુંદભાઈ મહેતા, મહામંત્રી ભગીરથભાઈ ત્રિવેદી, પૂર્વ પ્રમુખ પરેશભાઈ આચાર્ય, નગર સેવક વિશાલભાઈ ઠાકર, નિવૃત્ત પોલીસ અધિકારી જીતુભાઈ દવે, રોટરી ક્લબના પ્રમુખ ત્રિલોકભાઈ ભટ્ટ, રોટરેક્ટ ક્લબના પ્રમુખ પ્રિયંકભાઈ પંડ્યા અને ધર્મ પરિષદ ગ્રુપના પ્રમુખ ભવ્યરાજભાઈ રાજા સહિત અનેક અગ્રણીઓએ ઉપસ્થિત રહી ભગવાન રામની આરતીનો લાભ લીધો હતો. આ ઉપરાંત વાલ્મિકી સમાજના અગ્રણી ભાવેશભાઈ વાળોદરા તથા માતૃ શક્તિ અને દુર્ગા વાહિનીના બહેનોએ પણ આરતીમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી જિલ્લાના પ્રમુખ વિજયભાઈ દેસાઈ, મંત્રી ઈતેશભાઈ મહેતા, કોષાધ્યક્ષ પંકજભાઈ ત્રિવેદી અને બજરંગ દળના સંયોજક વિદુરભાઈ ડાબસરા સહિતના પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

# રાજુલામાં એકલિંગેશ્વર મહાદેવના પાટોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ

રાજુલા,તા.૧૯



રાજુલા ખાતે શ્રી સૌરાષ્ટ્ર ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા ઈષ્ટદેવ શ્રી એકલિંગેશ્વર મહાદેવનો પાટોત્સવ મહોત્સવ અત્યંત ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ પવિત્ર અવસરે આહીર સમાજની વાડીથી ભગવાનની ભવ્ય શોભાયાત્રા પ્રસ્થાન કરી શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી. કાર્યક્રમ દરમિયાન ઉદાર હાથે ફાળો આપનાર દાતાશ્રીઓ અને કાત્યાયની મહિલા મંડળનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. મહોત્સવમાં રંગારંગ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ, પવિત્ર યજ્ઞ અને મહાપ્રસાદનું પણ સુંદર આયોજન કરાયું હતું. સમગ્ર સમાજ ભાવભેર આ દિવ્ય મહોત્સવમાં જોડાઈને ધન્યતા અનુભવી હતી.

# પીપાવાવમાં કોસ્ટગાર્ડની આધુનિક સ્ટેશન ઓફિસનું DIG શશીકુમારના હસ્તે લોકાર્પણ

રાજુલા,તા.૧૯



તસવીર :ગોપાલ રાઠોડ

રાજુલા તાલુકા દરિયા કાંઠે પીપાવાવમાં કોસ્ટગાર્ડની સ્ટેશન ઓફિસનું આજે ડી.આઈ.જી.શશીકુમારના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઓફિસના કારણે પશ્ચિમ દરિયાકાંઠા વિસ્તારમાં ઓપરેશન અને એડમિસ્ટ્રેટિવ માળખાને વધુ મજબૂત બનાવવા માટેનો પ્રયાસ કરવામાં આવ્યો છે. નવી સુવિધાઓના કારણે પીપાવાવમાં એડમિનિસ્ટ્રેટિવ કામગીરી અને કર્મચારીઓ માટે રહેણાંક વિશેષ આધુનિક સુવિધાઓ કરવામાં આવી છે. આ તકે ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ પંકજ અગ્રવાલ, કમાન્ડર ડીસ્ટ્રીક હેડક્વાર્ટર પીપાવાવ સુભાષ કપૂર, કમાન્ડિંગ ઓફિસર, APM ટર્મિનલ પીપાવાવ પોર્ટના સી.ઓ. ક્લિન્ટ કર્મીચલ, પીપાવાવ પોર્ટ એડમીન ઓફિસર અંકુર વશિષ્ટ, રાજુલા રેન્જ RFO યોગેશ કળસરીયા, PSI કેડી હડીયા, પીએસઆઈ મહેન્દ્ર સિંહ ગોહિલ, સ્ટેટ અને સેન્ટ્રલ આઈબી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરામાં આંગણવાડી વર્કર બહેનોએ સરકાર સામે સૂત્રોચાર કર્યા

બગસરા,તા.૧૯



તસવીર :હાર્દિક બામટા

બગસરામાં આંગણવાડીની બહેનોએ સી. ડી. પી.ઓ.ને આવેદન આપ્યું હતું અને ત્રણ દિવસ માટે માસ લિવ પર ઉતરીને વિરોધ વ્યકત કરેલ હતો. ત્યાર બાદ તમામ મહિલાઓએ ધરણા પણ કર્યા હતા અને સુત્રોચાર કરી હમારી માંગે પૂરી કરો...ના નારા લગાવ્યા હતા. આંગણવાડી વર્કર ફેસિલિયેટરે પોતાની માંગણી રજૂ કરેલ હોવા છતાં ગુજરાત સરકાર દ્વારા આ પ્રશ્નોનું નિરાકરણ માટે કોઈ પણ પ્રકારની બેઠક યોજેલ નથી જેને લઈને આજે ફરીવાર બગસરા પંથકની આંગણવાડી મહિલાઓએ આવેદનપત્ર આપ્યું હતું. અને જો અમારી માંગણી પુરી નહિ કરવામાં આવે તો અમો આ આંદોલનને વધુ ઉગ્ર બનાવીશું તેવી ચીમકી જિલ્લા આંગણવાડી પ્રમુખ ભાવનાબેન ભટ્ટીએ આપી હતી.

# ચલાલાની કુમાર શાળામાં વન્યપ્રાણીથી બચવા અંગે માર્ગદર્શન

અમરેલી, તા.૧૯



ચલાલાની કુમાર શાળામાં વિદ્યાર્થીઓને વન્ય પ્રાણીઓના હુમલાથી બચવા અંગે વન વિભાગ દ્વારા વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને વન્યજીવસૃષ્ટિથી પરિચિત કરવાનો અને સુરક્ષાના ઉપાયો વિશે જાગૃત કરવાનો હતો.વન વિભાગના ફોરેસ્ટરે વિદ્યાર્થીઓને વન્ય પ્રાણીઓના હુમલા રોકવા માટેના વિવિધ ઉપાયો અને સુરક્ષાત્મક પગલાં અંગે વિગતવાર માહિતી પૂરી પાડી હતી.આ માર્ગદર્શન કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને વન્યજીવોથી થતા સંભવિત જોખમો તથા તેના નિવારણ અંગે જરૂરી જ્ઞાન મેળવ્યું હતું.

# દામનગર સહજાનંદ ગુરુકુળ કોલેજના વિદ્યાર્થીઓ સારહી તપોવન આશ્રમની મુલાકાતે

અમરેલી,તા.૧૯



દામનગરની સહજાનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ગુરુકુળ પરિવાર દ્વારા તાજેતરમાં અમરેલી સ્થિત સારહિ તપોવન આશ્રમની એક વિશેષ શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી. સારહિ યુથ ક્લબ ઓફ અમરેલી દ્વારા સંચાલિત આ આશ્રમમાં કોલેજના પ્રિન્સિપાલ, સ્ટાફ સભ્યો સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. આ પ્રસંગે અમરેલી જિલ્લા સહકારી સંઘના સી.ઈ.આઈ. સાગરભાઈ મહેતાએ પણ વિશેષ ઉપસ્થિતિ આપી હતી. મુલાકાત દરમિયાન આશ્રમમાં નિવાસ કરતા વડીલો અને તપસ્વીઓ સાથે વિદ્યાર્થીઓએ આત્મીય સંવાદ સાધી તેમના આશીર્વાદ લીધા હતા. આ સાથે જ વિદ્યાર્થીઓએ સંસ્થા દ્વારા ચાલતી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓની ઊંડાણપૂર્વક માહિતી મેળવી સામાજિક જવાબદારીનો અનુભવ કર્યો હતો. અંતમાં, કોલેજ પરિવારે ઈફ્કોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી અને સારહિ યુથ ક્લબના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી સહિત સમગ્ર ટીમને તેમની નિઃસ્વાર્થ સેવા બદલ શુભેચ્છાઓ પાઠવી હતી, જ્યારે સારહિ પરિવારે પણ આ મુલાકાત બદલ ગુરુકુળનો આભાર માન્યો હતો.

# અમરેલી જિલ્લામાં બોર્ડની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લાની વિવિધ શાળાઓમાં બોર્ડની પરીક્ષાઓનું અત્યંત સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર પરીક્ષા દરમિયાન તમામ કેન્દ્રો પર ચુસ્ત શિસ્ત અને શાંતિ જળવાઈ રહી હતી, જેને કારણે વિદ્યાર્થીઓ કોઈપણ પ્રકારના ભય કે માનસિક દબાણ વગર આત્મવિશ્વાસ સાથે પોતાના પેપર લખી શક્યા હતા. આ પરીક્ષામાં માત્ર બાબરા શહેરના જ નહીં, પરંતુ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા.

## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર, ફરીદાબેન રફીકભાઈ સોલંકી મારૂ જૂનું નામ :- ફરીદા રફીક સોલંકી થી બદલીને નવું નામ :- ફરીદાબેન રફીકભાઈ સોલંકી કરવામાં આવ્યું છે. તેથી હું ફરીદાબેન રફીકભાઈ સોલંકી તરીકે ઓળખાવ છું.
સહી : ફરીદાબેન રફીકભાઈ સોલંકી
સરનામું : ૧૨૬૭૬, બટારવાડી, જય ચામુંડા સોસાયટી, અમરેલી, ગુજરાત-૩૬૫૬૦૧.

# જુના વાઘણીયા ગામે 'સ્પેશિયલ પ્રોજેક્ટ ઓન કોટન' અંતર્ગત કૃષિ મેળો યોજાયો

અમરેલી,તા.૧૯



અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના જુના વાઘણીયા ગામે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી દ્વારા 'સ્પેશિયલ પ્રોજેક્ટ ઓન કોટન' અંતર્ગત કૃષિ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ કેવીકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. મિનાક્ષી કે. બારીયાના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. આ મેળામાં જુનાગઢ કૃષિ યુનિવર્સિટીની નવીન જાતો, આધુનિક ટેકનોલોજી તેમજ ખાનગી કંપનીઓના પ્રદર્શન સ્ટોલ ગોઠવવામાં આવ્યા હતા, જેનું ઉદઘાટન ડો. મિનાક્ષી બારીયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આશરે ૪૧૦ જેટલા ખેડૂત ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન વિવિધ કૃષિ નિષ્ણાંતો દ્વારા ખેડૂતોને કપાસની ખેતી અંગે વૈજ્ઞાનિક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. જેમાં ડો. શ્વેતા પટેલે સાંકડા ગાળે વાવેતર પધ્ધતિ, ડો. વી. સી. ગઢિયાએ રોગ-જીવાત નિયંત્રણ અને ડો. જે. જે. વાઘાણીએ સંકલિત પોષણ વ્યવસ્થાપન વિશે વિગતવાર માહિતી આપી હતી. આ ઉપરાંત, ડો. એન. એમ. કાછડિયાએ માઈકોરાઈઝા અને ટ્રાઈકોડર્મા જેવી જૈવિક પ્રોડક્ટ્સ તેમજ રાસાયણિક દવાઓના સચોટ ઉપયોગ અંગે ખેડૂતોને માહિતગાર કર્યા હતા. ડો. મિનાક્ષી બારીયાએ કૃષિ સંશોધન ક્ષેત્રે થયેલી નવીન પ્રગતિ અને કેવીકેની કામગીરી પર પ્રકાશ પાડ્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિષય નિષ્ણાંત ડો. નેહા તિવારી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતિમ ચરણમાં ખેડૂતો દ્વારા પૂછવામાં આવેલા વિવિધ પ્રશ્નોનું નિષ્ણાંતો દ્વારા સ્થળ પર જ નિરાકરણ કરવામાં આવ્યું હતું. અંતમાં ખેતીવાડી અધિકારી સુજીત બારૈયાએ આભારવિધિ વ્યક્ત કરી કાર્યક્રમ સંપન્ન કર્યો હતો. આ મેળા દ્વારા કપાસ પકવતા ખેડૂતોને આધુનિક ખેતી પધ્ધતિઓ અપનાવવા માટે પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું હતું.

## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર, અલ્ફાઝભાઈ અસલમભાઈ કાસમાણી મારૂ જૂનું નામ :- અલ્ફાઝ અસલમભાઈ કાસમાણી થી બદલીને નવું નામ :- અલ્ફાઝભાઈ અસલમભાઈ કાસમાણી કરવામાં આવ્યું છે. તેથી હું અલ્ફાઝભાઈ અસલમભાઈ કાસમાણી તરીકે ઓળખાવ છું.
સહી : અલ્ફાઝભાઈ અસલમભાઈ કાસમાણી
સરનામું : માધવનગર, ગુરૂકૃપા ડેરી પાસે, સિહોર, જિ.ભાવનગર, ગુજરાત-૩૬૪૨૪૦.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...
યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
શ્રી હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

# રાજુલા પોલીસે ૬ માસથી ફરાર બે ઠગબાજોની ધરપકડ કરી



રાજુલા,તા.૧૯

રાજુલા પોલીસે છેતરપિંડીના ગુનામાં છેલ્લા છ મહિનાથી વોન્ટેડ બે રીઢા આરોપીઓને ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે આરોપી કિશોરકુમાર ચૌધરી અને નરપતકુમાર પરીહાર (બંને રહે. બાડમેર, રાજસ્થાન) એ ચૌત્રા ગામના ભોળા લોકોને નિશાન બનાવ્યા હતા. તેઓએ બોલેરો ગાડીમાં આવી ગ્રામજનોને લલચાવ્યા હતા કે ત્રણ ઈનામી ટિકિટ ખરીદવા પર ગોદરેજનું ફ્રીજ મફત મળશે. આ લોભામણી સ્કીમમાં ફસાવીને તેઓએ કુલ રૂ. ૧,૩૯,૯૬૫/-ની ઉઘરાણી કરી હતી પરંતુ કોઈ ઈનામ ન આપી વિશ્વાસઘાત કર્યો હતો.

**ઇનામી યોજનાના નામે લાખોની છેતરપિંડી આચરનારા રાજસ્થાની શખ્સો ઝડપાયા**

# જાફરાબાદમાં યોજાયેલા સેવાસેતુ કાર્યક્રમમાં ૭૯૧ અરજીઓનો નિકાલ



તસવીર : બાબુ વાઢેળ

જાફરાબાદ,તા.૧૯

જાફરાબાદ નગરપાલિકાના ટાઉન હોલ ખાતે ૧૧મા તબક્કાના સેવા સેતુ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત મહાનુભાવો દ્વારા દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. આ વિશેષ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય નાગરિકોને સરકારી કચેરીઓના બિનજરૂરી ધક્કામાંથી મુક્તિ અપાવીને વહીવટી પ્રક્રિયાને વધુ સરળ બનાવવાનો હતો. કેમ્પ દરમિયાન આવક અને જાતિના દાખલા, જન્મ-મરણના પ્રમાણપત્રો, આધાર કાર્ડ અપડેટ, રેશનકાર્ડને લગતી કામગીરી તેમજ આરોગ્ય અને ફિશરીઝ વિભાગની વિવિધ સેવાઓ એક જ છત નીચે પૂરી પાડવામાં આવી હતી. વિવિધ વિભાગના અધિકારીઓની પ્રેરક ઉપસ્થિતિમાં કુલ ૭૯૧ જેટલી અરજીઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવતા સ્થાનિકોમાં વ્યાપક આનંદની લાગણી જોવા મળી હતી.

# ચેરિટેબલ ટ્રસ્ટના નામે સાયબર ફ્રોડ : રૂ.૬૯,૦૦૦ના શંકાસ્પદ વ્યવહાર મામલે ગુનો દાખલ થયો

ખાંભા, તા.૧૯

'અવધ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ'ના નામે ચાલી રહેલા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ના ખાતાનો ઉપયોગ કરીને સાયબર ફ્રોડની રકમ ટ્રાન્સફર કરવામાં આવી હોવાની ફરિયાદ નોંધાઈ હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપી દ્વારા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના અવધ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ખાતાનો ઉપયોગ સાયબર ક્રાઈમથી મેળવેલા નાણાં મેળવવા માટે કરવામાં આવ્યો હતો. ગત તા. ૧૭/૦૯/૨૦૨૫ ના રોજ આ બેંક એકાઉન્ટમાં કુલ રૂ. ૬૯,૦૦૦/- ની રકમ વારંવાર જમા કરવામાં આવી હતી. આરોપી સારી રીતે જાણતો હતો કે આ રકમ સાયબર ફ્રોડ અથવા છેતરપિંડી દ્વારા મેળવવામાં આવી છે. આ ટ્રસ્ટ સાથે સંકળાયેલા વ્યક્તિઓની પણ પૂછપરછ કરવામાં આવી શકે છે. ખાંભા પોલીસ સ્ટેશનના પી.આઈ.કે.વી ચુડાસમા વધુ તપાસ કરી રહ્યા છે.

# ચલાલા ખાતે વહીવટી તંત્ર દ્વારા સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

**આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના અરજદારોએ લાભ લીધો**



ચલાલા ,તા.૧૯

ચલાલા સ્થિત પવિત્ર દાનેવધામ ખાતે વહીવટી તંત્ર દ્વારા સેવા સેતુ કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો પ્રારંભ પૂજ્ય મહાવીરબાપુના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા થયો હતો, જેમાં તેમણે નાગરિકોને સરકારી યોજનાઓનો મહત્તમ લાભ લેવા પ્રોત્સાહિત કર્યા હતા. ચલાલા અને મીઠાપુર સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારોના અનેક નાગરિકોએ એક જ સ્થળેથી વિવિધ પાયાની સરકારી સેવાઓ મેળવી વહીવટી પ્રક્રિયાને સરળ બનાવી હતી. આ પ્રસંગે કોકીલાબેન કાકડિયા, મામલતદાર અને નગરપાલિકાના હોદ્દેદારો સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. નગરપાલિકાની ટીમ દ્વારા કરવામાં આવેલી સુવ્યવસ્થિત વ્યવસ્થાને કારણે વૃધ્ધો અને સામાન્ય જનતાને હાલાકી ભોગવવી પડી ન હતી. આ કાર્યક્રમ માત્ર વહીવટી પ્રક્રિયા પૂરતો મર્યાદિત ન રહેતા, છેવાડાના માનવી સુધી શાસનની સુવિધાઓ પહોંચાડવાનું માધ્યમ બન્યો હતો. લોક પ્રતિનિધિઓ અને અધિકારીઓના સક્રિય સહયોગથી આ સંપૂર્ણ આયોજન સફળતાપૂર્વક સંપન્ન થયું હતું.

# ચલાલા પોલીસનું રામનવમી, રમઝાન ઈદ તહેવારને લઈ ફૂટ પેટ્રોલીંગ



ચલાલા,તા.૧૯

ચલાલા પોલીસે આગામી રમઝાન ઈદ અને રામનવમી તહેવારો નિમિત્તે શહેરના મુખ્ય બજાર વિસ્તારમાં સઘન ફૂટ પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. ઈન્ચાર્જ પી.આઈ. રતનના નેતૃત્વમાં પોલીસ કાફલાએ જાહેર માર્ગો પર ભ્રમણ કરીને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. આ કામગીરીનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી પવિત્ર તહેવારો દરમિયાન શહેરમાં શાંતિ જળવાઈ રહે અને કાયદો તથા વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ બને તેવો છે.

# અમરાપરા બ્રાન્ચ શાળામાં ધો.૭ના વિદ્યાર્થીઓને વિદાયમાન અપાયું



બાબરા,તા.૧૯

અમરાપરા બ્રાન્ચ શાળામાં ધોરણ ૭ના વિદ્યાર્થીઓ માટે એક ગરિમાપૂર્ણ વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એસ.એમ.સી. અધ્યક્ષશ્રી, આચાર્યા નીતાબેન મકવાણા, પ્રકાશભાઈ રાઠોડ તથા સમગ્ર શિક્ષક સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. કાર્યક્રમ દરમિયાન શિક્ષકોએ વિદ્યાર્થીઓને જીવનમાં પ્રગતિ કરવા માટે પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. શિક્ષક મહેન્દ્રભાઈ સોલંકી દ્વારા તમામ વિદ્યાર્થીઓ માટે સ્વાદિષ્ટ ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. અંતમાં, શિક્ષક સ્ટાફ તરફથી વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ભેટ આપીને આશીર્વાદ સાથે ભાવભીની વિદાય આપવામાં આવી હતી.

# લાઠીમાં નગરપાલિકા કચેરી ખાતે તાલુકા કક્ષાનો 'સેવા સેતુ' કાર્યક્રમ યોજાયો



લાઠી,તા.૧૯

લાઠી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સેવા સેતુ કાર્યક્રમની સફળતા બાદ હવે લાઠી નગરપાલિકા કચેરી ખાતે તાલુકા કક્ષાના સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા એક મહિનાથી લાઠી વહીવટી તંત્ર દ્વારા ગામડે ગામડે યોજાયેલા કાર્યક્રમો દ્વારા અનેક લોકોના ગૂંચવાયેલા પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો. આ સફળતા બાદ હવે શહેરી વિસ્તારમાં નગરપાલિકા પરિસરમાં આ પ્રક્રિયા શરૂ થતા શહેરીજનોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. આ કાર્યક્રમમાં લાઠી મામલતદાર રાજ્યગુરુ અને ચીફ ઓફિસર ડેરની રાહબરી હેઠળ નગરપાલિકા પ્રમુખ ડી.સી. જમોડ, ઉપપ્રમુખ બી.એચ. ધોળકીયા અને કારોબારી ચેરમેન પી.બી. ડેર દ્વારા તમામ ટેબલોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. વહીવટી તંત્ર દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આ સેવા સેતુમાં આવતા અરજદારોને કોઈપણ પ્રકારની ફી ભરવાની રહેતી નથી. એટલું જ નહીં, કચેરીએ સ્ટેમ્પ વેન્ડર કે સેવા કેન્દ્ર ખાતે ATVT માં ભરવા પાત્ર થતી રકમમાંથી પણ મુક્તિ આપવામાં આવી છે. કચેરીના ધક્કા ખાવાને બદલે સ્થળ પર જ પારદર્શક વહીવટ થતા લોકોમાં સંતોષ જોવા મળ્યો હતો. સ્થાનિક સ્તરે એવી પણ ચર્ચા જોવા મળી રહી છે કે જે રીતે દર મહિને 'સ્વાગત' કાર્યક્રમ યોજાય છે, તે જ રીતે લાઠી અને દામનગર એમ બે સેન્ટરો નક્કી કરી જો નિયમિત આવા આયોજન થાય તો સરકાર અને જનતા બંને માટે કામગીરી વધુ સરળ બની શકે છે.

સ્ટાફ જોઈએ છે
કોમ્પ્યુટર ઓપરેટર
સેલ્સમેન
સેલ્સ ગર્લ્સ
અનુભવી તેમજ બિન અનુભવી વ્યક્તિઓએ રૂબરૂ સંપર્ક કરવો.
(લાઠીવાળા)
તિલકંઠ જવેલર્સ
માણેકપરા, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૩૫૫૭
મો. ૯૬૦૧૮ ૯૮૯૮૧ / ૯૮૨૫૦ ૯૧૭૨૧

# અમરેલી જિલ્લા કોંગ્રેસ દ્વારા સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે 'સંગઠન પ્રવાસ'નું આયોજન : તાલુકા મથકોએ યોજાશે બેઠકો



અમરેલી,તા.૧૯

આવનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીને ધ્યાનમાં રાખીને અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા સંગઠનને વધુ મજબૂત બનાવવા અને ચૂંટણીલક્ષી વ્યૂહરચના ઘડવા માટે વિશાળ પ્રવાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતના નેતૃત્વમાં અને પ્રદેશ કોંગ્રેસ દ્વારા નિયુક્ત પ્રભારીઓની ઉપસ્થિતિમાં ૨૦ માર્ચથી ૨૭ માર્ચ દરમિયાન જિલ્લાના વિવિધ તાલુકા મથકો પર કાર્યકર્તાઓ સાથે બેઠકો યોજાશે.

આ બેઠકોમાં સંગઠન મજબૂતી, ચૂંટણી લક્ષી આયોજન અને સ્થાનિક પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે.

પ્રવાસ કાર્યક્રમની વિગત મુજબ, ૨૦ માર્ચે સાવરકુંડલા (તાલુકા અને શહેર), ૨૧ માર્ચે કુંકાવાવ વડિયા અને બગસરા (તાલુકા અને શહેર), તેમજ ૨૨ માર્ચે રાજુલા અને જાફરાબાદ તાલુકા કોંગ્રેસ સમિતિની મીટિંગો યોજાશે. ત્યારબાદ ૨૩ માર્ચે લીલીયા અને અમરેલી (તાલુકા અને શહેર) ની બેઠકો જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે યોજવામાં આવશે. ૨૪ માર્ચે ખાંભા અને ધારીમાં કાર્યકર્તાઓ સાથે સંવાદ કરવામાં આવશે, જ્યારે પ્રવાસના અંતિમ દિવસે ૨૭ માર્ચે લાઠી અને બાબરા તાલુકા કોંગ્રેસ સમિતિની બેઠકોનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા તમામ તાલુકા અને શહેરના હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓને નિર્ધારિત સમય અને સ્થળ પર હાજર રહી આ કાર્યક્રમને સફળ બનાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
ફ્રી
બહેરાશની તપાસ
સલાહ, માર્ગદર્શન
તા.૧૫ થી ૩૧ માર્ચ સુધી
• નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
• જર્મની, ડેન્માર્ક ના આધુનિક મશીન વ્યાજબી કિંમતમાં
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય
કાયમી સરનામું
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

## દસ્તાવેજ કરતા પુર્વેની જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર બટુકભાઈ પાંચાભાઈ તોગડીયા એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરવામાં આવે છે. અમારી આ જમીન વેચાણથી આપવાનું નકકી કરેલ છે જેની આ જાહેર નોટીસ આપી જણાવુ છુ અમરેલી ડિસ્ટ્રીકટ તાલુકો લીલીયા મોજે સાજણટીંબા ખેડ ખાતા નં.૫૯૭ જેના રે.સર્વે નં.૧૯૧(જુનો સ.નં.૧૩૨ પૈકી ૨/પૈકી૧) ના કુલ હે.આરે.ચોમી.૧-૩૫-૫૨ છે.જે જુની શરતની જમીન અમો જમીન માલીક વેચાણ દસ્તાવેજથી આપવા માંગીએ છીએ. જે ખેતની બિનપિયત જમીન સદરહું જમીનના માલીક, કબજેદાર અને ધારણકર્તા એટલે કે અમો પોતે (૧) બટુકભાઈ પાંચાભાઈ તોગડીયાના સ્વતંત્ર નામે ચાલી આવેલ છે.મજકુર મિલ્કતના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનું જણાવીને તેમજ મજકુર મિલ્કતમાં અમો સિવાય અન્ય કોઈને કોઈપણ પ્રકારનો હક,હિત, હિસ્સો, લાગભાગ, ચાલી આવેલ નથી તેવુ જણાવીને અમો પોતે જમીન માલીકે વેચાણ આપવા માટે નકકી કરેલ છે.જેથી સદરહું મિલ્કતમાં જો કોઈનો વાંધો,વિરોધ કે હકક, હિત, સબંધ, લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈપણ રીતે હકક,હિસ્સો હોય અથવા તો કોઈ બેન્ક કે સંસ્થાનું લેણુ હોય,અગર તો તબદીલી અંગેના કોઈપણ લખાણો હોય તો અમોને નીચેના સરનામે દિન–૭માં પુરાવા સહિત લેખીત જાણ કરવી.જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર મિલ્કતમાં કોઈ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હક્ક હિત હિસ્સો કે લેણુ નથી અને હોય તો જતો કરેલ છે. ત્યારબાદ જો અમો વેચાણ દસ્તાવેજ કરી આપીશું ત્યાર પછી કોઈપણ વ્યકિત કે સંસ્થાની કોઈપણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈપણ જાતના હકકો પ્રાપ્ત થશે નહી જેની જાહેર જનતાએ નોધ લેવી.

સરનામું:-
રહે.રાજકોટ, તા.રાજકોટ,
જી.રાજકોટ,
મો.૯૪૨૮૨૫૭૩૩૬

સહી
લી.આપનો વિશ્વાસુ
બટુકભાઈ પાંચાભાઈ તોગડીયા

# લીલીયા માર્કેટીંગ યાર્ડ ખાતે મુખ્યમંત્રીના આગમનને લઈ ભાજપ આગેવાનોની બેઠક

લીલીયા,તા.૧૯



લીલીયા મોટા માર્કેટિંગ યાર્ડ ખાતે પ્રભારી મહેશભાઈ ભાયાણીના અધ્યક્ષસ્થાને અગત્યની બેઠક યોજાઈ હતી. આગામી ૨૧ માર્ચ ૨૦૨૬, શનિવારના રોજ સવારે ૯:૦૦ કલાકે અમરેલીના નવા માર્કેટિંગ યાર્ડ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની પ્રેરક ઉપસ્થિતિમાં આશરે રૂ.૬૯૦ કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત તથા લોકાર્પણ થવા જઈ રહ્યું છે. જગદીશ વિશ્વકર્મા પ્રદેશ અધ્યક્ષ બન્યા બાદ પ્રથમવાર અમરેલી આવી રહ્યા હોવાથી કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ બેઠકમાં તાલુકા ભાજપ પ્રમુખ જીજ્ઞેશ સાવજ અને અન્ય મહાનુભાવો સહિત મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવવા આયોજન કર્યું હતું.

# બગસરામાં હાથ ઉછીના પૈસા ન આપતા યુવક પર છરીના ઘા ઝીંકી આંતરડા બહાર કાઢી નાખ્યા

બગસરા, તા.૧૯

બગસરામાં નજીવી બાબતે એક યુવક પર જીવલેણ હુમલો થતા ચકચાર મચી ગઈ હતી. માર્કેટિંગ યાર્ડ રોડ પર આવેલી એક હેર આર્ટની દુકાન પાસે ઉછીના પૈસાની માગણી કરી રહેલા શખ્સે, પૈસા આપવાની ના પાડતા ઉશ્કેરાઈ જઈને યુવકના પેટમાં છરીના ત્રણ ઘા ઝીંકી દીધા હતા. આ અંગે અજીમ કાળુભાઈ સોલંકી (ઉ.વ.૨૩) એ રાજુભાઈ ઉર્ફે રાજુડોન અમરશીભાઈ પરમાર (ઉ.વ.૩૫) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, બગસરા માર્કેટિંગ યાર્ડ રોડ પર નેશનલ લોજની બાજુમાં આવેલી મારૂતિ હેર આર્ટની દુકાન પાસે તેમના ભાઈ બેઠેલા હતા. આ દરમિયાન આરોપી ત્યાં આવ્યો હતો અને તેના ભાઈ પાસે હાથ ઉછીના રૂપિયાની માંગણી કરી હતી. જોકે, તેના ભાઈએ રોકડ રકમ આપવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. પૈસા આપવાની ના પાડતા આરોપી એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળાગાળી કરવા લાગ્યો હતો. આજે તો તને પતાવી જ દેવો છે તેવી ધમકી આપી આરોપીએ તેની પાસે રહેલી છરી કાઢી હતી અને જાનથી મારી નાખવાના ઈરાદે પેટના ભાગે ત્રણ ઉપરા-છાપરી ઘા ઝીંકી દીધા હતા. હુમલો એટલો ગંભીર હતો કે તેના આંતરડા બહાર નીકળી ગયા હતા. બગસરા પોલીસ સ્ટેશનના પીઆઈ આઈ જે ગીડા વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભાના જુના માલકનેશ ગામે સ્ટ્રીટ લાઈટના અંજવાળે પાંચ શકુની પકડાયા

ખાંભા, તા.૧૯

ખાંભાના જુના માલકનેશ ગામે સ્ટ્રીટ લાઈટના અંજવાળે પત્તા ટીચતા ૫ પકડાયા હતા. પોલીસે રૂ, ૨૯,૩૮૦નો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી. વિજયભાઈ વિનુભાઈ ગોસાઈ, વાઘજીભાઈ ખીમાભાઈ જાદવ, ચોથાભાઈ ખીમાભાઈ જાદવ,નરેશભાઈ પાંચાભાઈ મકવાણા તથા મહેશભાઈ રવજીભાઈ સોલંકી જુના માલકનેશ ગામે મફતરાપરા વિસ્તારમાં વાઘજીભાઈ ખીમાભાઈ જાદવના રહેણાક મકાન પાસે સ્ટ્રીટ લાઈટના અંજવાળે જાહેર જગ્યામાં ગંજીપત્તાના પાના વડે તીનપત્તીનો પૈસા પાના વડેનો હાર જીતનો જુગાર રમતા રોકડ રૂ.૧૧,૫૮૦ તથા મોબાઈલ ફોન નંગ-૦૫ મળી કુલ રૂ.૨૯,૩૮૦ ના મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન પકડાયા હતા.

# અમરેલી જિલ્લામાં ક્લાઈમેટ ચેન્જની અસર ઘટાડવા વોકેથોન રેલીનું આયોજન

અમરેલી,તા.૧૯




અમરેલી જિલ્લામાં ક્લાઈમેટ ચેન્જની અસર ઘટાડવા માટે અને તેની જન-જાગૃત્તિના પ્રચાર પ્રસાર હેતુથી મિશન લાઈફ (LIFE) અંતર્ગત નોડલ અધિકારી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી (મહેસૂલ)ના માર્ગદર્શન હેઠળ અમરેલી શહેરમાં વોકેથોન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા પર્યાવરણ સંરક્ષણ, સ્વસ્થ જીવનશૈલી અને ક્લાઈમેટ ચેન્જ અંગે જાગૃત્તિ લાવવા માટે મહત્ત્વનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ રેલીનો પ્રારંભ સરદાર પટેલ રમત સંકુલ, ચિત્તલ રોડથી થયો હતો, જે રાજકમલ ચોક થઈ અને પરત સ્પોર્ટ્સ સંકુલ ફરી હતી. રેલીમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ, હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ, વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓના સભ્યો, ડિસ્ટ્રીક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ (ડી.એલ.એસ.એસ)ના ખેલાડીઓ, વિવિધ રમતના કોચ અને ટ્રેનરો સહિત ૫૦૦ જેટલા લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.


# બાબરાના ઈસાપર ગામે માતાએ રોટલા ઘડવા બાબતે ઠપકો આપતા પુત્રીએ ઝેરી દવા પીધી

બાબરા, તા.૧૯

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ઈસાપર ગામે એક અત્યંત આઘાતજનક અને કરુણ ઘટના સામે આવી હતી. ઘરેલુ બાબતમાં માતાએ આપેલા સામાન્ય ઠપકાથી માઠું લાગી આવતા એક સગીરાએ ઝેરી દવા પીને જીવન ટૂંકાવ્યું હતું. આ અંગે છગનભાઈ રીસુભાઈ મછારીયા (ઉ.વ. ૪૦)ની જાહેર કર્યા મુજબ, તેમની પુત્રીને તેની માતાએ રસોઈકામમાં રોટલા ઘડવા બાબતે સામાન્ય ઠપકો આપ્યો હતો. આ સામાન્ય બોલાચાલી બાદ આવેશમાં આવી જઈને યુવતીએ ઘરે પડેલી ખેતીમાં છાંટવાની ઝેરી દવા પી લીધી હતી. યુવતીએ ઝેરી દવા પીધું હોવાની જાણ પરિવારને થતા જ તેને તાત્કાલિક ગંભીર હાલતમાં હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. જ્યાં તબીબો દ્વારા તેને બચાવવાના પૂરતા પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ લાંબી સારવાર બાદ આખરે યુવતીનું મૃત્યુ નીપજ્યું હતું.

# સા.કુંડલામાં રમઝાન ઈદ અને રામનવમી પર્વને લઈ પોલીસનું ફૂટ પેટ્રોલીંગ

અમરેલી,તા.૧૯



સાવરકુંડલા શહેરમાં આગામી પવિત્ર રમઝાન ઈદ અને રામનવમીના પર્વો નિમિત્તે શાંતિ, ભાઈચારો અને સલામતીનું વાતાવરણ જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર અત્યંત સજ્જ બન્યું છે. એ.એસ.પી. ગઢવીના સીધા માર્ગદર્શન હેઠળ શહેરના મુખ્ય માર્ગો અને સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ દ્વારા ભવ્ય 'ફૂટ માર્ચ' યોજવામાં આવી હતી. આ પરેડમાં ટાઉન અને અર્બન પોલીસ મથકના ઉચ્ચ અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં જવાનો જોડાયા હતા. આ કવાયતનો મુખ્ય ઉદ્દેશ્ય તહેવારો દરમિયાન કોઈ અપ્રિય ઘટના ન બને અને લોકો નિર્ભયતાથી પર્વોની ઉજવણી કરી શકે તે સુનિશ્ચિત કરવાનો છે. એ.એસ.પી. ગઢવીએ કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ રાખવાની પ્રાથમિકતા દર્શાવી સ્થાનિકોને શાંતિ જાળવવા અપીલ કરી હતી.

## વડિયાના બરવાળા બાવીશીમાં દારૂડિયાએ આતંક મચાવ્યો

# ગાળો બોલવાની ના પાડતા પરિવાર પર લોખંડના પાઈપથી હુમલો

**વડિયા પોલીસ સ્ટેશનના એ એસ આઈ બી.પી.ધાંધલાએ વધુ તપાસ હાથ ધરી**

વડિયા, તા.૧૯

વડિયા તાલુકાના બરવાળા બાવીશી ગામે દારૂ પીને ગાળાગાળી કરતા શખ્સને અટકાવવો એક પરિવારને ભારે પડ્યો હતો.

અગાઉ થયેલી બોલાચાલીનું મનદુઃખ રાખી આરોપીએ લોખંડના પાઈપ વડે હુમલો કરી ફરિયાદીનો દાંત તોડી નાખ્યો હતો અને તેમના પત્ની તેમજ પુત્રને પણ બેરહેમ માર માર્યો હતો. આ અંગે અરવિંદભાઈ પુંજાભાઈ મારૂ (ઉ.વ.૪૫) એ રાજેશભાઈ માણસુરભાઈ મારૂ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, બે દિવસ પહેલા આરોપી તેના ઘર પાસે દારૂ પીને ગાળો બોલતો હતો. તેમણે તેને ઘરમાં અને આજુબાજુમાં સ્ત્રીઓ રહે છે, તેથી ગાળો ના બોલો તેમ કહી ઠપકો આપ્યો હતો. આ બાબતે તે સમયે બોલાચાલી થઈ હતી અને આરોપી જતો રહ્યો હતો. જોકે, આ બાબતનું વેર રાખી આરોપીએ ગઈકાલે રાત્રે ફરી હુમલો કર્યો હતો. રાત્રે સાડા આઠ વાગ્યાની આસપાસ આરોપી ફરી ફરિયાદીના ઘર પાસે આવી ગાળો બોલવા લાગ્યો હતો. જ્યારે તેને અટકાવ્યો, ત્યારે આરોપી પોતાના ઘરેથી લોખંડનો પાઈપ લઈ આવ્યો હતો.

ઉશ્કેરાયેલા આરોપીએ પાઈપ વડે તેના ડાબા હાથની કોણી પર જોરદાર પ્રહાર કરી ફેક્ચર જેવી ગંભીર ઈજા પહોંચાડી હતી. આટલેથી ન અટકતા, આરોપીએ તેના મોઢામાં હાથ નાખી નીચેનો એક દાંત પણ તોડી નાખ્યો હતો. જ્યારે તેના પત્ની અને પુત્ર વચ્ચે પડ્યા, ત્યારે આરોપીએ તેમને પણ છોડ્યા ન હતા. પત્નીના જમણા હાથ પર અને પુત્રના જમણા પગના ભાગે પાઈપના ઘા ઝીંકી મૂઢ માર માર્યો હતો. જતાં-જતાં આરોપીએ સમગ્ર પરિવારને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. વડિયા પોલીસ સ્ટેશનના એએસાઈ બી પી ધાંધલા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: બીજ
તા.૨૦-૦૩-૨૦૨૬, શુક્રવાર, સૂર્યોદય-૦૬:૪૭,
સૂર્યાસ્ત-૦૬:૪૬, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: રેંવતી,અશ્વિની

## દૈનિક રાશિફળ

તા.૨૦-૦૩-૨૦૨૬ શુક્રવાર

મેષ: પરિવારમાં કોઈ શુભ કામનું આયોજન કરવામાં આવે તેવી સંભાવના છે. લગ્ન કરવા માગતા વ્યક્તિની વાત આગળ વધી શકે છે.

વૃષભ: આજે સખત મહેનતની સ્થિતિ ઓછી રહેશે, તેનાથી વિપરિત મહત્વાકાંક્ષા વધારે રહેશે.

મિથુન: તમને આમાં રાહત મળશે ત્યાં તો કોઈ ઉપયોગી વ્યક્તિનો તમારા જીવનમાં પાછા આવવાનો આનંદ પણ રહેશે.

કર્ક: આજીવિકાના ક્ષેત્રમાં તમારા અનુભવને અન્ય લોકો પણ જાણવા લાગ્યા છે, થોડા દિવસો પછી નવી તકો પણ મળી શકે છે.

સિંહ: આજે દરેક કાર્યમાં વિજયનો દિવસ રહેશે, પરંતુ આ સમય માટે યોગ્ય રીતે ઉપયોગ કરવો પડશે.

કન્યા: તમારા મતે કાર્યકારી વાતાવરણમાં સુધારો થશે અને સાથીદારોના સહયોગથી પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થશે.

તુલા: વ્યવસાયમાં અગાઉ લેવાયેલા નિર્ણયો આજે સાર્થક થઈ શકે છે, તેથી નફાની પરિસ્થિતિઓમાં વિકાસ થશે.

વૃશ્ચિક: આજે ભાઇઓ સાથે મર્યાદિત વર્તન કરવું સારું રહેશે, નહીં તો થોડો માનસિક ત્રાસ આવી શકે છે.

ધન: તમારે વ્યાવસાયિક કાર્યમાં વધુ કામ કરવું પડશે, નહીં તો તમારા હિસ્સાનો બીજાને પણ ફાયદો થઈ શકે છે, બેદરકારી ટાળો.


મકર: આજનો દિવસ સફળ છે, પરંતુ તમારી વાણી અને વર્તનને સંતુલિત રાખવો મહત્વપૂર્ણ છે.

કુંભ: આજે દિવસની શરૂઆતમાં તમે જે કામથી ઉત્સાહ સાથે કરશો તે પછી પૂર્ણ થશે.

મીન: આજનો દિવસ તમારી વિચારસરણીનો બરાબર વિરોધી રહેશે, તમે વિચારશો અને કંઇક જુદું હશે.

# અમરેલી ખાતે સમસ્ત સગર સમાજ દ્વારા ૨૧ માર્ચે મુખ્યમંત્રી સહિત મહાનુભાવોનો સન્માન- અભિવાદન સમારોહ યોજાશે

અમરેલી, તા.૧૯



સમસ્ત સગર સમાજ, અમરેલી દ્વારા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા ભાજપ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માના સન્માનાર્થે અભિવાદન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં સમાજના આગેવાનો તથા મોટી સંખ્યામાં સમાજજનો ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહેશે. ઉપરાંત ભાજપ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા પણ ઉપસ્થિતિ રહેશે. તેમજ રાજ્યના કૃષિ અને સહકાર મંત્રી જીતુભાઈ વાઘાણી તથા રાજ્યના કાયદા અને ઊર્જા વિભાગના રાજ્યમંત્રી કૌશિક વેકરીયાનું પણ આ પ્રસંગે સન્માન કરવામાં આવશે. આ અભિવાદન સમારોહ તા. ૨૧ માર્ચ ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે અમરેલી શહેરના લીલીયા રોડ સ્થિત દાદા ભગવાન મંદિર (ત્રિમંદિર) ખાતે યોજાશે. સમસ્ત સગર સમાજ દ્વારા સમાજના સભ્યોને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યું છે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સહભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# બગસરામાં યોજાયેલ મોરારીબાપૂની કથામાં એસ.ટી. વિભાગ દ્વારા ૧૨૨ ટ્રીપ દોડાવાઈ

બગસરા,તા.૧૯

બગસરામાં ૪૬ વર્ષના લાંબા અંતરાલ બાદ પૂ. મોરારીબાપુના મુખે 'મેઘાણી માનસ' રામકથાનું ભવ્ય આયોજન થયું હતું.

તારીખ ૭/૩ થી ૧૫/૩ સુધી ચાલેલી આ કથામાં લાખોની જનમેદની ઉમટી પડી હતી. ટ્રાફિક અને મુસાફરોની ભીડને ધ્યાને રાખી પેસેન્જર એસોસિએશનની રજૂઆતથી એસ.ટી. નિગમે ખાસ બસ સેવા શરૂ કરી હતી. ડેપો મેનેજર ગઢવીબેનના માર્ગદર્શન હેઠળ નિગમે કુલ ૧૨૨ ટ્રિપ્સ દ્વારા ૨૭૫૦ જેટલા શ્રદ્ધાળુઓને સુરક્ષિત મુસાફરી કરાવી હતી.

આ સરાહનીય કામગીરી બદલ એસોસિએશને આભાર વ્યક્ત કર્યો હતો અને નિગમે ભવિષ્યમાં પણ આવા ધાર્મિક કાર્યોમાં સહયોગ આપવાની ખાતરી આપી હતી.

# કુંકાવાવના જીથુડી ગામે તળાવ ઉંડુ ઉતારવાના કાર્યનો પ્રારંભ

અમરેલી,તા.૧૯



કુંકાવાવ તાલુકાના જીથુડી ગામે જળ સંચય અભિયાન અંતર્ગત તળાવ ઊંડા ઉતારવાના કાર્યનું ઉત્સાહભેર ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આ અવસરે હિંમતભાઈ રામાણી (સરપંચ, જીથુડી), ગ્રામ પંચાયતની ટીમ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ ભગીરથ કાર્ય માટે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ તથા રાજ્યકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરીયાના વિશેષ સહયોગ બદલ ગ્રામજનોએ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. હિટાચી મશીન દ્વારા તળાવ ઊંડા કરવાનું કાર્ય વિધિવત રીતે શરૂ થતા હવે આગામી ચોમાસામાં પાણીના સ્તરમાં નોંધપાત્ર વધારો થશે અને ગામની જળ સમસ્યાનો કાયમી ઉકેલ આવશે.

# રાજુલામાં પરપ્રાંતિય મજૂરોની માહિતી પોલીસને ન આપનાર કારખાનેદાર વિરુધ્ધ ગુનો દાખલ

રાજુલા, તા.૧૯


અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામાના ભંગ બદલ રાજુલામાં એક કારખાનેદાર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. પોતાના એકમમાં કામ કરતા પરપ્રાંતિય શ્રમિકોની જાણકારી પોલીસ મથકે ન આપવા બદલ આ ગુનો નોંધાયો હતો. કનુભાઈ ઉકાભાઈ હડીયા (ઉ.વ.૪૩) ના ડુંગર રોડ આવેલ યદુનંદન ઈન્ડસ્ટ્રીઝ પરપ્રાંતિય મજૂરો અને કારીગરો કામ કરી રહ્યા હતા. નિયમ મુજબ, કોઈપણ એકમમાં જ્યારે અન્ય રાજ્યના શ્રમિકોને કામે રાખવામાં આવે ત્યારે તેની સંપૂર્ણ વિગત રાખવી અને સ્થાનિક પોલીસ સ્ટેશનમાં તેની જાણ કરવી ફરજિયાત હોય છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, સંબંધિત કારખાનેદારે પરપ્રાંતિય મજૂરોની માહિતી અંગેનું જરૂરી રજિસ્ટર નિભાવ્યું નહોતું. આ ઉપરાંત, તેણે આ શ્રમિકો વિશે સંબંધિત પોલીસ સ્ટેશનમાં કોઈ પણ પ્રકારની જાણ કરી નહોતી. સુરક્ષા અને વ્યવસ્થાના ભાગરૂપે બહાર પાડવામાં આવેલા આદેશનું ઉલ્લંઘન કરવા બદલ પોલીસે કારખાનેદાર વિરુધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.

તંત્રી લેખ

# સમાન કાયદાની દિશામાં એક મોટું પગલું

ગુજરાતમાં યુનિફોર્મ સિવિલ કોડ (UCC)ને કેબિનેટની લીલીઝંડી મળવી એ માત્ર એક કાયદાકીય નિર્ણય નથી, પરંતુ સામાજિક અને સંસ્કૃતિના સ્તરે મોટું પરિવર્તન લાવનાર પગલું છે. વર્ષોથી અલગ-અલગ ધર્મ અને પરંપરાઓ પર આધારિત વ્યક્તિગત કાયદાઓના કારણે સમાજમાં કાનૂની અસમાનતા જોવા મળતી હતી. હવે રાજ્ય સરકારે આ વિભાજન દૂર કરીને દરેક નાગરિક માટે સમાન કાયદાની દિશામાં આગળ વધવાનો પ્રયાસ કર્યો છે. આ નિર્ણયનો મુખ્ય હેતુ છે કાનૂની એકરૂપતા અને સામાજિક સમાનતા. અત્યાર સુધી વારસાઈ હક, લગ્ન અને કુટુંબ સંબંધિત મુદ્દાઓમાં ધર્મ આધારિત નિયમો લાગુ પડતા હતા, જેના કારણે ઘણા કિસ્સાઓમાં મહિલાઓ અને નબળા વર્ગોને નુકસાન થતું હતું. હવે નવા ડ્રાફ્ટ મુજબ પુત્ર અને પુત્રી બંનેને મિલકતમાં સમાન અધિકાર મળશે. આ એક મહત્વપૂર્ણ પરિવર્તન છે, જે મહિલાઓને આર્થિક રીતે વધુ સશક્ત બનાવશે. ખાસ કરીને વારસાઈ મુદ્દામાં આ કાયદો ઐતિહાસિક સાબિત થઈ શકે છે. અગાઉ ઘણી જગ્યાએ પુત્રોને વધુ હક મળતો હતો જ્યારે પુત્રીને મર્યાદિત હક આપવામાં આવતો હતો. હવે આ ભેદભાવ દૂર થઈને સમાનતા સ્થાપિત થશે. આ પગલું માત્ર કાનૂની નહીં પરંતુ માનસિકતા બદલવાનો પણ પ્રયાસ છે. લગ્ન બાબતમાં પણ આ કાયદો મહત્વપૂર્ણ ફેરફાર લાવે છે. રાજ્યમાં થતા દરેક લગ્નની નોંધણી ફરજિયાત બનાવવામાં આવી છે. નોંધણી ન કરાવવાથી લગ્ન અમાન્ય નહીં ગણાય, પરંતુ દંડનો પ્રાવધાન રાખવામાં આવ્યો છે. આ નિયમથી લગ્ન સંબંધિત વિવાદો ઘટાડવામાં મદદ મળશે અને કાનૂની પારદર્શિતા વધશે. આ બિલમાં લિવ-ઈન રિલેશનશિપને પણ સ્પષ્ટ રીતે માન્યતા આપવામાં આવી છે, જે આધુનિક સમાજની હકીકતને સ્વીકારવાનો સંકેત છે. લિવ-ઈનમાં રહેતા દંપતીઓને રજિસ્ટ્રેશન ફરજિયાત બનાવવામાં આવ્યું છે. નોંધણી વગર લાંબા સમય સુધી સાથે રહેવા બદલ દંડ અથવા સજા પણ થઈ શકે છે. આ નિયમથી સંબંધોમાં જવાબદારી વધશે અને કાયદાકીય સુરક્ષા મળશે. ખાસ નોંધપાત્ર બાબત એ છે કે લિવ-ઈન સંબંધમાંથી જન્મેલું બાળક કાયદેસર સંતાન ગણાશે અને તેને તમામ વારસાકીય હકો મળશે. અત્યાર સુધી આવા બાળકોને ઘણીવાર સામાજિક અને કાનૂની મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. હવે તેમને સમાન હક આપવાથી તેમના ભવિષ્યને સુરક્ષા મળશે. આ ઉપરાંત, જો કોઈ લિવ-ઈન પાર્ટનર પોતાની સાથીને ત્યજી દે તો સ્ત્રીને ભરણપોષણનો હક આપવામાં આવ્યો છે. આ જોગવાઈ મહિલાઓના હિતમાં મહત્વપૂર્ણ છે, કારણ કે તે તેમને આર્થિક રીતે સુરક્ષિત બનાવે છે. સાથે જ, જો લિવ-ઈન પાર્ટનરની ઉંમર ૨૧ વર્ષથી ઓછી હોય તો માતા-પિતાને જાણ કરવાની જોગવાઈ રાખવામાં આવી છે, જે સમાજમાં જવાબદારી અને પારદર્શિતા લાવે છે. જોકે આ કાયદાના કેટલાક પાસાઓ ચર્ચા અને વિવાદના વિષય બની શકે છે. ખાસ કરીને લિવ-ઈન સંબંધની ફરજિયાત નોંધણી અને દંડની જોગવાઈને કેટલાક લોકો વ્યક્તિગત સ્વતંત્રતામાં હસ્તક્ષેપ તરીકે પણ જોઈ શકે છે. આથી સરકાર માટે જરૂરી રહેશે કે તે લોકોમાં જાગૃતિ ફેલાવે અને આ કાયદાના હેતુને સરળ ભાષામાં સમજાવે. આ કાયદો ઉત્તરાખંડના મોડલ પર આધારિત છે, જે પહેલાથી જ અમલમાં આવી ચૂક્યો છે. ગુજરાતમાં પણ આ મોડલને અપનાવીને કાનૂની માળખાને વધુ મજબૂત બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પરંતુ દરેક રાજ્યની સામાજિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિ અલગ હોય છે, તેથી અમલ દરમિયાન પડકારો આવી શકે છે. સવાલ એ નથી કે કાયદો સારો છે કે ખરાબ, પરંતુ એ છે કે તેનો અમલ કેટલો અસરકારક રીતે થાય છે.

# પ્રાગૈતિહાસિક યુગના સમયની પુરાતત્વીય સાઇટનો ભૂમાફિયાઓએ કચ્ચરઘાણ કાઢી નાખ્યો



પ્રાગૈતિહાસિક યુગ માનવ ઈતિહાસનો સૌથી પ્રાચીન અને મહત્વપૂર્ણ સમયગાળો માનવામાં આવે છે, જેમાં લખાણ કે લેખિત દસ્તાવેજો ઉપલબ્ધ નથી, પરંતુ પુરાતત્વીય અવશેષો દ્વારા માનવ જીવનની માહિતી મળે છે. આ યુગમાં માનવજાત શિકાર, ખોરાક એકત્રિત કરવું અને કુદરતી પરિસ્થિતિઓ સાથે અનુકૂલન કરવાનું જીવન જીવતી હતી. ખાસ કરીને પેલિયોલિથિક (પ્રાચીન પથ્થર યુગ) સમયગાળો માનવ વિકાસના દ્રષ્ટિકોણે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ સમયગાળામાં મનુષ્યે પથ્થરના સાધનો બનાવવાનું શરૂ કર્યું, જેમ કે હાથકુહાડી, સ્કેપર અને ક્લોવર જેવા સાધનો. આ સાધનોનો ઉપયોગ શિકાર કરવા, ચામડી ઉતારવા અને રોજિંદા જીવનની જરૂરિયાતો પૂરી કરવા માટે થતો હતો. આ યુગમાં માનવ જીવન ખૂબ જ સરળ હતું, પરંતુ તે જ સમયથી માનવ બુદ્ધિ અને સર્જનાત્મકતાનો વિકાસ શરૂ થયો હતો. ભારતમાં પ્રાગૈતિહાસિક સ્થળો જેવા કે મહારાષ્ટ્રના ચંદ્રપુર નજીકના વિસ્તારોમાં મળેલા પુરાવાઓ દર્શાવે છે કે લાખો વર્ષ પહેલાં અહીં માનવ વસવાટ હતો. આ સ્થળો આપણને માનવ ઉત્પત્તિ, તેમના સ્થળાંતર અને જીવનશૈલી વિશે મહત્વપૂર્ણ માહિતી આપે છે. પ્રાગૈતિહાસિક યુગનું મહત્વ એ છે કે તે માનવ સંસ્કૃતિના મૂળને સમજવામાં મદદ કરે છે. આજના આધુનિક સમાજની શરૂઆત આ જ સમયગાળામાંથી થઈ છે. તેથી આવા સ્થળોની સંરક્ષા કરવી અત્યંત જરૂરી છે, કારણ કે તે આપણા ઈતિહાસનો અમૂલ્ય ખજાનો છે. મહારાષ્ટ્રના પ્રાચીન વારસાનો વિનાશ : ખાણકામની લાલચ સામે હારી રહેલો ઈતિહાસ.મહારાષ્ટ્રના ચંદ્રપુર નજીક આવેલ પાપામિલ્યા ટેકરી અને ભટાલા જેવા પ્રાગૈતિહાસિક સ્થળો આજે ગંભીર સંકટનો સામનો કરી રહ્યા છે. લગભગ બે મિલિયન વર્ષ જૂના આ વિસ્તારો માત્ર પથ્થરના ઢગલા નથી, પરંતુ માનવ ઈતિહાસના જીવંત પુરાવા છે. છતાં, ગેરકાયદેસર ખાણકામ, બાંધકામ અને વહીવટી બેદરકારીને કારણે આ અમૂલ્ય વારસો ધીમે ધીમે નષ્ટ થઈ રહ્યો છે. આ વિસ્તારોમાં થયેલા સંશોધનોથી જાણવા મળ્યું છે કે અહીં અચેયુલિયન યુગના અનેક પથ્થર સાધનો મળ્યા છે, જે પ્રાચીન માનવના જીવન વિશે મહત્વપૂર્ણ માહિતી આપે છે. હાથકુહાડી, સ્કેપર અને અન્ય સાધનો દર્શાવે છે કે આ વિસ્તારમાં માનવોએ શિકાર કર્યો, ખોરાક મેળવ્યો અને કુદરત સાથે સંઘર્ષ કર્યો. આ


**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

સ્થળો માત્ર ઈતિહાસ માટે જ નહીં, પરંતુ વૈજ્ઞાનિક અભ્યાસ માટે પણ અત્યંત મહત્વપૂર્ણ છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં આ વિસ્તારો પર ખાણકામનો દબાણ સતત વધી રહ્યો છે. ભટાલા અને આસપાસના વિસ્તારોમાં વિસ્ફોટ અને ખોદકામની પ્રવૃત્તિઓને કારણે જમીન નીચે રહેલા પ્રાચીન અવશેષો નષ્ટ થઈ રહ્યા છે. પુરાતત્વવિદો ચેતવણી આપે છે કે એકવાર આ અવશેષો નષ્ટ થઈ જાય, તો તે ક્યારેય પાછા મળી શકશે નહીં. પાપામિલ્યા ટેકરી પર થયેલા બાંધકામોએ પણ પરિસ્થિતિને વધુ ગંભીર બનાવી છે. ૨૦૧૪માં અહીં સરકારી મેડિકલ કોલેજ અને કેન્સર હોસ્પિટલની સ્થાપના કરવામાં આવી, જે પછી પણ અહીંથી પ્રાગૈતિહાસિક સાધનો મળી આવ્યા હતા. છતાં, બાંધકામ ચાલુ રાખવામાં આવ્યું, જેનાથી ભૂપ્રદેશમાં મોટાપાયે ફેરફાર થયો. આ વિકાસકાર્યોએ ઈતિહાસ અને વિકાસ વચ્ચેના સંતુલન પર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે.

રાજ્ય સરકારે ૨૦૧૮માં આ વિસ્તારોને પુરાતત્વીય મહત્વના સ્થળ તરીકે માન્યતા આપી અને સંગ્રહાલય તથા સંરક્ષણ માટે યોજનાઓ જાહેર કરી. છતાં, આ યોજનાઓ કાગળ પર જ સીમિત રહી ગઈ છે. સંરક્ષિત વિસ્તાર દર્શાવતા બોર્ડ ગાયબ થઈ ગયા છે અથવા ખોટી સ્થિતિમાં છે, જેના કારણે લોકોમાં જાગૃતિનો અભાવ જોવા મળે છે. સ્વતંત્ર સંશોધકો અને પુરાતત્વવિદોએ વારંવાર સરકારને આ સ્થળોને બચાવવા અપીલ કરી છે. ૨૦૨૩માં વારસા સંરક્ષણ માટે મોટી રકમની જાહેરાત છતાં, કોઈ સ્પષ્ટ કાર્યવાહી જોવા મળી નથી. આ પરિસ્થિતિ દર્શાવે છે કે વહીવટી તંત્ર અને જમીન માફિયાઓ વચ્ચેનો સંઘર્ષ હજુ ચાલુ છે, જેમાં હંમેશા ઈતિહાસ હારી રહ્યો છે. જિલ્લા અધિકારીઓ દ્વારા ખાણકામના આરોપોને નકારવામાં આવે છે, પરંતુ મેદાન પરની હકીકત કંઈક અલગ જ કહાની કહે છે. પુરાતત્વવિદો માને છે કે એકવાર કોઈ વિસ્તારને પ્રાગૈતિહાસિક સ્થળ તરીકે ઓળખી લેવામાં આવે, તો ત્યાં ખાણકામ સંપૂર્ણપણે બંધ થવું જોઈએ. આ સમગ્ર પરિસ્થિતિમાં સૌથી મોટી ખોટ એ છે કે આપણે આપણા ભૂતકાળને ગુમાવી રહ્યા છીએ. આ સ્થળો માત્ર પથ્થરો નથી, પરંતુ માનવ વિકાસની વાર્તા છે. જો સમયસર યોગ્ય પગલાં લેવામાં નહીં આવે, તો આવનારી પેઢી માટે આ ઈતિહાસ માત્ર પુસ્તકોમાં જ રહી જશે. અંતમાં કહી શકાય કે વિકાસ જરૂરી છે, પરંતુ તે ઈતિહાસના વિનાશના મૂલ્યે નહીં હોવો જોઈએ. પાપામિલ્યા ટેકરી અને ભટાલા જેવા સ્થળોને બચાવવા માટે સરકાર, વૈજ્ઞાનિકો અને સમાજે સાથે મળીને પ્રયાસ કરવો જરૂરી છે. નહિતર, આ અમૂલ્ય વારસો હંમેશા માટે ખોવાઈ જશે.

**માનવ સંસ્કૃતિની શરૂઆત થઈ તે સમયે પૃથ્વી પર માનવીનું પ્રાગટ્ય થયું તે સમયના અતિ મહત્વના સ્થાન પર ભૂમાફિયાઓએ બુલડોઝરના ઉપયોગથી ઐતિહાસિક સાઇટને નષ્ટ કરી નાખી.**

## શબ્દ સંજોગ-૨૧૬૫



**આડી ચાવી :**
(૧) માગનાર, અરજદાર (૩)
(૨) પક્ષી, વિહંગ (૩)
(૩) સ્પર્ધા, ચડસાચડસી (૪)
(૪) રીત, રીવાજ (૩)
(૫) માતાના પતિ (૨)
(૮) ફરિયાદ, અરજ (૨)
(૧૦) એક વેલી (૩)
(૧૨) પગાર (૩)
(૧૫) એક ફૂલ (૨)
(૧૬) બીકણ (૪)
(૧૭) બેસવાની જગા (૩)
(૧૮) ઊંટની નાથ (૩)
(૨૦) બરદાસ્ત, સેવાચાકરી (૪)
(૨૨) જોડાની અંદર નાખવામાં આવતું નરમ છૂટું પડ (૪)
(૨૫) નાત જમાડવી તે (૨)
(૨૬) વેપાર ઉદ્યોગમાં રોકાતી થાપણ (૨)

**ઉભી ચાવી :**
(૧) સરજનહાર, પ્રભુ (૩)
(૩) આંકણી, મોજણી (૩)
(૬) આરે......! (૨)
(૭) સારૂ, ઉત્તમ (૩)
(૮) દાન આપનારો પુરુષ (૨)
(૯) કાનૂની, વૈદ્ય (૩)
(૧૧) આર વેદોમાનો ત્રીજો વેદ (૪)
(૧૩) ખેતરની મીઠી જમીન (૩)
(૧૪) તરંગ, ફાટો (૧)
(૧૫) વ્હાલી, પ્યારી (૩)
(૧૭) મુખ, મોં (૩)
(૧૯) લાંબી હાર (૨)
(૨૦) એક પંખી (૩)
(૨૧) કસોટી ઉપરથી નક્કી કરેલો સોના-રૂપાના ભાવનો આંક (૨)
(૨૩) રેલ્વે સ્ટેશનનો પરચૂરણ કામકાજ કરનારો નોકર-મજુર (૩)
(૨૪) નવ લાખની કિંમતનું (૪)
(૨૬) મૂંગુ (૨)
(૨૭) ચર્ચા, શાસ્ત્રાર્થ (૨)
(૨૮) એક શાક (૪)
(૨૯) અણખીલ્યું ફૂલ (૨)

## શબ્દ સંજોગ-૨૧૬૪ જવાબ

**આડી ચાવી** : (૧) અંબાજી (૩) ઝડપ (૬) ગજવેલ (૭) આગ (૮) દકર (કદર) (૧૦) નેસ (૧૨) જી (૧૩) નખ (૧૫) ઘેન (૧૬) પુના (૨૦) ટકોર (૨૧) ઈદ (૨૨) તાલ (૨૩) ત્રિજ્યા (૨૫) પાલવ (૨૬) કરમોડી (૨૭) લીરો

**ઊભી ચાવી** : (૧) અંગદ (૨) જીગર (૩) ઝવેરી (૪) ડલ (૫) માંગ (૭) આસન (૯) કફન (૧૧) બાપુ (૧૪) ખડતલ (૧૫) ઘેર (૧૭) નાટક (૧૮) ભોર (૧૯) સ્વાદ (૨૧) ઈજ્યા (૨૨) તાવલી (૨૩) ત્રીધા (૨૪) ઘર (૨૫) પાડી

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૪૩૦ | ૧૬૫૧ |
| જુવાર સફેદ | ૯૨૫ | ૧૦૩૧ |
| બાજરી | ૨૫૦ | ૩૦૬ |
| ચણા પીળા | ૯૫૦ | ૧૦૬૧ |
| ચણા સફેદ | ૧૦૮૦ | ૧૭૮૦ |
| અડદ | ૯૦૦ | ૧૬૯૦ |
| મગ | ૮૦૦ | ૧૫૬૪ |
| વાલ પાપડી | ૫૫૦ | ૯૨૧ |
| ચોળી | ૯૫૧ | ૯૫૧ |
| વટાણા | ૮૧૦ | ૧૧૦૦ |
| કળથી | ૩૯૦ | ૩૯૦ |
| રાજમા | ૧૦૫૦ | ૧૭૪૪ |
| સીંગદાણા | ૧૪૪૦ | ૧૯૯૦ |
| મગફળી જાડી | ૧૧૫૩ | ૧૫૭૧ |
| મગફળી જીણી | ૧૧૧૫ | ૧૫૦૭ |
| અળશી | ૧૫૧૫ | ૧૫૧૫ |
| તલી | ૧૫૦૦ | ૨૨૪૫ |
| એરંડા | ૧૧૯૬ | ૧૨૯૧ |
| અજમો | ૧૪૫૦ | ૧૪૫૦ |
| સુવા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૮૫૦ | ૧૦૪૦ |
| સીંગફાડા | ૧૧૬૦ | ૧૬૪૮ |
| કાળા તલ | ૨૫૦૦ | ૪૧૦૦ |
| લસણ | ૯૪૦ | ૧૮૮૦ |
| વરીયાળી | ૧૬૬૧ | ૧૮૨૧ |
| જીરૂ | ૩૫૫૧ | ૪૨૫૦ |
| રાય | ૧૦૮૦ | ૧૨૯૮ |
| ઇસબગુલ | ૯૦૦ | ૨૨૦૦ |
| અશેરીયો | ૯૪૫ | ૧૧૨૫ |
| કલોંજી | ૨૦૦૦ | ૩૧૮૮ |
| રાયડો | ૯૫૦ | ૧૧૯૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| બટેટા | ૬૪ | ૨૩૬ |
| ડુંગળી સુકી | ૫૦ | ૨૧૫ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૨૦૧ | ૧૬૫૧ |
| ઘઉં લોકવન | ૪૪૦ | ૬૫૬ |
| ઘઉં ટુકડા | ૪૩૨ | ૬૫૦ |
| મગફળી જીણી | ૧૧૮૬ | ૧૫૧૬ |
| સિંગ ફાડીયા | ૯૦૦ | ૧૮૨૧ |
| જીરૂ | ૩૦૦૧ | ૪૪૦૧ |
| કલંજી | ૧૨૦૧ | ૩૧૯૧ |
| ધાણા | ૧૦૦૦ | ૨૧૫૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૫૦૧ | ૧૪૦૦૧ |
| લસણ સુકું | ૬૫૧ | ૧૨૦૧ |
| ડુંગળી લાલ | ૫૧ | ૨૪૬ |
| અડદ | ૭૦૦ | ૧૪૨૧ |
| મઠ | ૨૦૦ | ૩૭૬ |
| તુવેર | ૯૦૧ | ૧૫૨૧ |
| રાયડો | ૧૦૧૧ | ૧૧૭૧ |
| રાય | ૧૦૦૧ | ૧૨૦૧ |
| મેથી | ૮૦૧ | ૧૩૫૧ |
| કાંગ | ૨૩૧ | ૫૧૧ |
| મરચા | ૧૭૦૧ | ૮૨૦૧ |
| મગફળી જાડી | ૧૦૬૧ | ૧૫૫૬ |
| સફેદ ચણા | ૯૬૧ | ૧૭૯૧ |
| મગફળી ૬૬ | ૧૫૧૬ | ૧૫૧૬ |
| ધાણી | ૧૨૦૦ | ૨૩૦૧ |
| ડુંગળી સફેદ | ૧૯૧ | ૨૫૬ |
| બાજરો | ૨૯૧ | ૩૦૧ |
| જુવાર | ૭૭૧ | ૧૦૪૧ |
| મકાઇ | ૩૦૧ | ૪૫૧ |
| મગ | ૬૭૧ | ૧૮૭૧ |
| ચણા | ૮૦૦ | ૧૦૭૬ |
| વાલ | ૭૭૧ | ૧૦૨૬ |
| ચોળા / ચોળી | ૪૨૬ | ૯૩૧ |
| સોયાબીન | ૯૫૧ | ૧૦૩૬ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૨૮૧ |
| વટાણા | ૭૫૧ | ૧૦૦૧ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૧૯૫ | ૧૩૭૫ |
| શિંગ ગીરનાર | ૧૩૭૫ | ૧૪૩૦ |
| શિંગ મોટી | ૧૦૩૦ | ૧૫૨૫ |
| શિંગદાણા | ૧૪૫૫ | ૧૬૫૦ |
| શિંગદાણા ફાડા | ૧૪૨૦ | ૧૭૦૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૯૨૦ |
| તલ કાળા | ૧૦૦૦ | ૩૯૭૦ |
| જુવાર | ૫૦૦ | ૯૩૫ |
| ઘઉં ટુકડા | ૩૭૦ | ૬૧૦ |
| ઘઉં લોકવન | ૩૯૦ | ૫૦૦ |
| ચણા | ૯૪૦ | ૧૦૩૫ |
| ચણા દેશી | ૧૦૦૫ | ૧૧૪૫ |
| સફેદ ચણા | ૯૭૦ | ૧૧૦૫ |
| ચણા છોલે | ૧૧૫૫ | ૧૪૩૦ |
| તુવેર | ૮૫૦ | ૧૪૭૦ |
| કપાસ | ૯૭૫ | ૧૭૦૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૬૦ |
| જીરૂ | ૨૪૦૦ | ૪૭૦૦ |
| રાયડો | ૧૦૦૫ | ૧૦૭૦ |
| રાય | ૧૨૦૦ | ૧૨૨૫ |
| ધાણા | ૧૮૦૦ | ૨૫૦૦ |
| ધાણી | ૧૭૦૦ | ૨૯૦૦ |
| અજમા | ૧૨૦૦ | ૨૦૭૫ |
| મેથી | ૯૦૦ | ૧૩૦૫ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૪૦ |
| મરચા લાંબા | ૧૩૦૦ | ૮૮૦૦ |
| મરચા ઘોલર | ૨૧૦૦ | ૧૪૦૦૦ |
| કાંગ | ૫૦૦ | ૫૦૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૧૨૫ | ૧૨૫૦ |
| ઘઉં | ૩૫૫ | ૪૮૫ |
| ચણા | ૯૨૫ | ૧૦૩૦ |
| તુવેર | ૯૦૦ | ૧૪૫૧ |
| ધાણા | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ચણા સફેદ | ૧૬૦૫ | ૧૬૦૫ |
| શિંગફાડા | ૧૪૨૫ | ૧૪૩૬ |
| મેથી | ૬૫૦ | ૮૨૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૬૦૯ |
| ઘઉ લોકવન | ૩૨૦ | ૪૩૨ |
| ઘઉ ટુકડા | ૪૧૬ | ૫૦૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૨૭ |
| ધાણા | ૧૦૦૦ | ૨૦૭૦ |
| શીંગદાણા | ૧૩૫૦ | ૧૪૦૦ |
| તુવેર | ૮૫૦ | ૧૪૮૦ |
| મેથી | ૯૨૫ | ૯૨૫ |
| મગફળી | ૮૦૫ | ૧૨૪૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૦૦ |
| વાલ | ૮૦૦ | ૮૦૦ |
| જુવાર | ૮૨૫ | ૮૨૫ |
| ચણા સફેદ | ૯૦૦ | ૯૦૦ |
| ચણા સોલે | ૧૪૫૫ | ૧૪૫૫ |
| તલ સફેદ | ૧૬૬૫ | ૧૮૦૦ |
| બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| વટાણા | ૬૬૦ | ૬૬૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૬૪૧ |
| ઘઉં | ૩૫૧ | ૪૯૧ |
| ચણા | ૮૦૧ | ૧૦૫૬ |
| તુવેર | ૮૫૧ | ૧૫૦૧ |
| મગફળી | ૭૦૧ | ૧૨૫૧ |
| જીરૂ | ૨૧૦૧ | ૪૦૭૬ |
| ધાણા | ૧૦૦૧ | ૧૯૮૬ |
| **મહુવા** | | |
| એરંડા | ૧૨૪૬ | ૧૨૪૬ |
| જુવાર | ૪૩૮ | ૧૦૧૬ |
| બાજરી | ૨૧૬ | ૬૬૨ |
| ઘઉં ટુકડા | ૩૨૦ | ૬૫૧ |
| સોયાબીન | ૧૦૬૨ | ૧૦૬૨ |
| અડદ | ૧૦૩૫ | ૧૦૩૫ |
| મગ | ૪૭૦ | ૨૭૪૧ |
| ધાણા | ૧૮૦૧ | ૨૦૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૬૧ |
| તલ સફેદ | ૧૯૧૦ | ૧૯૧૦ |
| તુવેર | ૧૨૫૦ | ૧૫૦૦ |
| જીરૂ | ૪૭૪૫ | ૪૭૪૫ |
| ડુંગળી લાલ | ૭૦ | ૧૯૭ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૩૦૦ |
| નાળીયેર | ૩૪૩ | ૨૪૮૫ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૨૦૦ | ૧૫૨૫ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૫ | ૬૦૫ |
| રાય | ૧૦૮૦ | ૧૨૧૨ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૨૪ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૮૦ |
| જુવાર | ૮૫૦ | ૧૧૧૨ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૫૪ |
| મગ | ૧૩૦૦ | ૧૭૪૮ |
| ચણા | ૯૮૦ | ૧૦૩૦ |
| સોયાબીન | ૯૫૦ | ૧૦૫૪ |
| ધાણા | ૧૫૦૦ | ૧૯૧૨ |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૯૦ |
| કાંગ | ૪૫૦ | ૫૦૬ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૪૪૦ | ૧૬૦૮ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૩૬ |
| તુવેર | ૧૪૬૧ | ૧૪૭૦ |
| ધાણા | ૧૯૦૧ | ૧૯૦૧ |
| મરચા સુકા | ૬૦૦૦ | ૬૦૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૮૦ |
| બાજરો | ૨૫૦ | ૬૪૬ |
| ઘઉં ટુકડા | ૩૦૧ | ૫૫૬ |
| જુવાર | ૬૦૦ | ૧૦૬૨ |
| મકાઈ | ૩૦૦ | ૩૦૦ |
| તુવેર | ૧૩૩૦ | ૧૩૩૫ |
| ચણા | ૮૫૦ | ૧૦૩૦ |
| ધાણા | ૮૦૦ | ૨૪૫૧ |
| રાય | ૧૦૦૩ | ૧૨૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# માહી ડેરીના ૧૩ વર્ષ પૂર્ણ : ગ્રામીણ અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકાયા, ૫૦ કરોડની સહાય જાહેર

રાજકોટ, તા.૧૯



માહી મિલ્ક પ્રોડ્યુસર કંપનીના ૧૩મા સ્થાપના દિવસની રાજકોટ ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ (NDDB)ના ચેરમેન ડો. મીનેશ શાહે વર્ચ્યુઅલ સંદેશમાં જણાવ્યું હતું કે માહી ડેરીના કારણે ગ્રામીણ વિસ્તારોમાં આર્થિક ઉન્નતિની સાથે સામાજિક પરિવર્તન પણ આવ્યું છે. લોકોમાં સ્વચ્છતા અને બચત પ્રત્યે જાગૃતિ વધી છે. સંસ્થાના ચીફ એક્ઝિક્યુટિવ આલોક કુમાર ગુપ્તાએ ગૌરવભેર જણાવ્યું કે માહી ડેરીએ સતત બીજા વર્ષે ૨,૦૦૦ કરોડનું ટર્નઓવર હાંસલ કર્યું છે. આ અવસરે દૂધ ઉત્પાદકો માટે વાર્ષિક પ્રોત્સાહન, ઉનાળુ બોનસ અને ડિવિડન્ડ પેટે કુલ ૫૦ કરોડ રૂપિયાની રકમ ચૂકવવાની જાહેરાત કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન 'માહીકેલ ગોલ્ડ' જેવી નવી પશુ આહાર પ્રોડક્ટ્સ લોન્ચ કરાઈ હતી અને જૂના કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. વક્તા કાજલ ઓઝા વૈદ્યના વક્તવ્ય અને સાંસ્કૃતિક રાસ મંડળની રમઝટે કાર્યક્રમમાં આકર્ષણ જમાવ્યું હતું. ૨૦૪૭ સુધીના વિઝન સાથે માહી ડેરી પશુપાલકોના ઉત્થાન માટે કટિબધ્ધ છે.

# ધોરાજીમાં આંગણવાડી વર્કર અને હેલ્પર બહેનોનો પગાર વધારા મુદ્દે વિરોધ : સરકાર સામે આક્રોશ

ધોરાજી,તા.૧૯




ધોરાજી શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં આંગણવાડીમાં ફરજ બજાવતા કાર્યકર અને હેલ્પર બહેનો દ્વારા વિવિધ માંગણીઓ મુદ્દે આક્રોશભેર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ધોરાજી ખાતે એકત્ર થયેલી મહિલાઓએ પગાર વધારા સહિતના મુદ્દે સરકાર વિરુદ્ધ ઉગ્ર નારાબાજી કરી હતી. આ વિરોધ પ્રદર્શન દરમિયાન મહિલા કાર્યકરોએ સરકારની નીતિઓ સામે સવાલ ઉઠાવ્યા હતા અને સરકાર લુચ્ચાઈ કરી રહી હોવાનો ગંભીર આક્ષેપ લગાવ્યો હતો. આંગણવાડી કાર્યકર બહેનોએ પોતાનો રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, હાઈકોર્ટે પણ માનદવેતનમાં વધારો કરવા જણાવ્યું હોવા છતાં સરકાર દ્વારા હજુ સુધી કોઈ વેતન વૃદ્ધિ કરવામાં આવી નથી. આ ઉપરાંત, બહેનોએ એવી પણ ફરિયાદ કરી હતી કે સરકાર દ્વારા આંગણવાડીની કામગીરી ઉપરાંત અન્ય વિવિધ પ્રકારના કામો પણ લેવામાં આવે છે. આમ, ઓછા વેતનમાં વધુ કામ અને વધુ જવાબદારી નિભાવવી પડતી હોવાથી બહેનોએ સરકાર સમક્ષ યોગ્ય વેતન મળે તેવી માંગણી ઉચ્ચારી હતી. આ મુદ્દે મહિલાઓએ સરકાર વિરુધ્ધ નારાબાજી કરી પોતાનો વિરોધ નોંધાવ્યો હતો.

# ઉનાની સરકારી હોસ્પિટલમાં જ યુવાને ઝેરી દવા પીને આપઘાતનો પ્રયાસ કર્યો

**ગંભીર હાલતમાં વેરાવળ ખસેડાયો**

ઉના, તા.૧૯

ઉનાની સરકારી હોસ્પિટલમાં આજે બપોરના સમયે આત્મહત્યાના પ્રયાસની એક ચોંકાવનારી ઘટના બની છે. નાઠેજ ગામના ૩૫ વર્ષીય નારણભાઈ ચનાભાઈ મારુ નામના યુવાને હોસ્પિટલમાં ડોક્ટરની ચેમ્બર બહાર જ ઝેરી દવા પી લીધી હતી. યુવાન દવા પીને ઢળી પડતા જ હોસ્પિટલ પરિસરમાં ભારે દોડધામ મચી ગઈ હતી. હાજર લોકોની બૂમાબૂમ સાંભળી હોસ્પિટલના સ્ટાફે તાત્કાલિક યુવાનને પ્રાથમિક સારવાર આપી હતી. જોકે, યુવાનની હાલત અત્યંત ગંભીર જણાતા તેને વધુ સારવાર માટે તાત્કાલિક વેરાવળ રીફર કરવામાં આવ્યો છે. હોસ્પિટલના અધિક્ષક ડો. મિશ્રાએ જણાવ્યું હતું કે, યુવાન નશાની હાલતમાં હોસ્પિટલ આવ્યો હતો અને તેની સ્થિતિ નાજુક છે. યુવાને કયા કારણોસર આ આત્મઘાતી ડગલું ભર્યું તે હજુ જાણી શકાયું નથી.

# ઉના તાલુકાના નવાબંદર ગામે ગામની સુવિધા વધારવા ટ્રેક્ટર-ટ્રોલીની ફાળવણી

**ગ્રામજનોએ સ્થાનિક નેતાઓનો આભાર વ્યક્ત કર્યો**

ઉના,તા.૧૯



ઉના તાલુકાના નવાબંદર ગામે ગ્રામજનોની સુવિધામાં વધારો કરવાના હેતુથી ટ્રેક્ટર અને ટ્રોલી ફાળવવામાં આવ્યા છે. આ ફાળવણી જિલ્લા પંચાયત કક્ષાની ૨૦મા નાણાપંચની ગ્રાન્ટ હેઠળ ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડની વિશેષ ભલામણથી કરવામાં આવી હતી. આ સાધનોનું લોકાર્પણ જિલ્લા પંચાયત સદસ્યના પ્રતિનિધિ હરિભાઈ સોલંકી અને તાલુકા પંચાયત પ્રમુખ એભાભાઈ મકવાણાના હસ્તે સંપન્ન થયું હતું. આ પ્રસંગે સરપંચ પ્રતિનિધિ સોમવારભાઈ મજીઠીયા, ઉપસરપંચ હરકિશનભાઈ સોલંકી અને બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ સાધનો ગામની સ્વચ્છતા અને અન્ય પાયાની સુવિધાઓ સુધારવામાં અત્યંત ઉપયોગી સાબિત થશે, જેના માટે ગ્રામજનોએ સ્થાનિક નેતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ધોરાજીમાં મામલતદાર દ્વારા રેસ્ટોરાંમાં ગેસના ઉપયોગ અંગે તપાસ હાથ ધરાઈ

**તંત્રની આકસ્મિક તપાસથી હોટલ માલિકોમાં ફફડાટ ફેલાયો**

ધોરાજી,તા.૧૯

ધોરાજીમાં હોટેલ અને રેસ્ટોરન્ટમાં એલપીજી ગેસના ઉપયોગ અંગે મામલતદાર ટીમ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ગેસની અછત ઊભી થતા તંત્રએ ના છૂટકે બહાર નીકળવું પડ્યું હતું. ઈરાન સામે ઈઝરાયેલ અને અમેરિકા જેવાં દેશો વચ્ચે યુધ્ધ ચાલી રહ્યું છે ત્યારે રેસ્ટોરન્ટ અને હોટેલમાં એલ પી જી ગેસનાં બાટલાનો વપરાશ ન કરવા માટે સુચના અપાઇ છે.તાજેતરમાં યુધ્ધના કારણે ગેસની અછત ઊભી થઈ હોવાથી ઉપલી કક્ષાએથી હુકમ થતાં ધોરાજી તંત્રને ના છૂટકે કાર્યવાહી કરવા દોડવું પડી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. જેને કારણે હોટલ અને રેસ્ટોરન્ટ ચલાવતાં માલિકોમાં ફફડાટ જોવા મળેલ છે.

# ગોંડલમાં ખાખીનો કડક પહેરો: રેન્જ IG નિર્લિપ્ત રાયના આગમન સાથે જ પોલીસ 'એક્શન મોડ'માં

ગોંડલ,તા.૧૯



રાજકોટ રેન્જ IG તરીકે નિર્લિપ્ત રાયે ચાર્જ સંભાળતાની સાથે જ ગોંડલ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને લોખંડી બનાવવા પોલીસ તંત્રએ લાલ આંખ કરી છે. છેલ્લા ૭ દિવસથી સતત ચાલી રહેલા નાઈટ પેટ્રોલિંગ અને મેગા સર્ચ ઓપરેશનને કારણે અસામાજિક તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. શહેરના મુખ્ય માર્ગો પર રાત્રિના સમયે પોલીસના કડક પહેરાને લીધે 'લોકડાઉન' જેવો માહોલ જોવા મળી રહ્યો છે, જેમાં સ્થાનિક ધંધાર્થીઓ પણ સ્વૈચ્છિક રીતે દુકાનો બંધ કરી પોલીસને સહકાર આપી રહ્યા છે. રેન્જ IG અને જિલ્લા SPની કડક સૂચના બાદ પોલીસ કાફલો રસ્તા પર ઉતર્યો છે. રાત્રે યોજાયેલા ફૂટ પેટ્રોલિંગમાં DySP કે.જી. ઝાલા સ્વયં જોડાયા હતા અને વિવિધ રાજમાર્ગો પર પોલીસના ધાડેધાડા ઉતારી દેવામાં આવ્યા હતા. અસામાજિક તત્વોના ગઢ સમાન વિસ્તારોમાં ચાલી રહેલા આ કોમ્બિંગ અને સર્ચ ઓપરેશનને કારણે ગુનાહિત માનસ ધરાવતા લોકોમાં ફાળ પડી છે. સતત સાતમા દિવસે ગોંડલની સડકો પર પોલીસની ગાડીઓના સાયરન ગુંજી રહ્યા છે, જે લોકોને સુરક્ષાનો અહેસાસ કરાવી રહ્યા છે.

# એક મહિનાથી ફરાર ત્રણ શખ્સોને ઝડપી પાડતી કોડીનાર પોલીસ

કોડીનાર,તા.૧૯


તસવીર : ધર્મેશ પાઠક

જુનાગઢ રેન્જ આઈ.જી. રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા ગીર સોમનાથ એસ.પી. જયદીપસિંહ જાડેજાની સૂચના મુજબ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અસામાજિક તત્વો વિરુદ્ધ પાસાના શસ્ત્રનો ઉપયોગ કરવામાં આવ્યો છે. કોડીનાર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.કે. વણારકા દ્વારા તૈયાર કરાયેલ દરખાસ્તને આધારે જિલ્લા કલેક્ટરે ૮ પ્રોહીબિશન બુટલેગરો વિરુધ્ધ પાસા વોરંટ ઈશ્યુ કર્યા હતા. જે પૈકી ૫ આરોપીઓ અગાઉ ઝડપાઈ ગયા હતા, પરંતુ છેલ્લા એક મહિનાથી પોતાની ધરપકડ ટાળવા નાસતા ફરતા ૩ રીઢા આરોપીઓને એલ.સી.બી. ઈન્સ્પેક્ટર એસ.વી. રાજપુત અને કોડીનાર પોલીસની સંયુક્ત ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની મદદથી ઝડપી પાડ્યા છે. પકડાયેલ આરોપીઓમાં નાથાભાઈ ઉર્ફે બિલ્લો સોલંકી અને શૈલેષભાઇ ઉર્ફે બચો કામળીયાને સુરતની લાજપોર જેલ તથા સતીષભાઈ કામળીયાને ભુજની મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપવામાં આવ્યા છે.

# કોડીનારમાં આગામી તહેવારોને અનુલક્ષીને પોલીસની શાંતિ સમિતિની બેઠક યોજાઈ: હિન્દુ-મુસ્લિમ આગેવાનોએ આપી ભાઈચારાની ખાતરી

કોડીનાર,તા.૧૯



આગામી રમજાન ઈદ, ચેટીચાંદ તેમજ રામનવમીના તહેવારોને અનુલક્ષીને કોડીનાર પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિ ની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી.આઈ. એમ. કે. વણારકાના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં કોડીનાર શહેરના હિન્દુ અને મુસ્લિમ સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ શાંતિ સમિતિની બેઠકમાં કોડીનાર ના અગ્રણી હરિ કાકા વિઠલાની, ચંદુભાઈ આશર, શિવસે નાના રાજુભાઈ, રામભાઈ વાઢેર, જે.કે. મેર, નરેશ ડાભી, ભવાની યુવક મંડળના કાળુભાઈ તેમજ મુસ્લિમ સમાજના જિશાનભાઈ નકવી, રફિકભાઈ જુણેજા, યુસુફભાઈ બૈરુની સહિતના અનેક આગેવાનો હાજર રહ્યા હતા.

# લાયન્સ ક્લબ ધોરાજી દ્વારા પર્યાવરણ બચાવવા કાપડની બેગનું વિતરણ: પ્લાસ્ટિક મુક્ત અભિયાનને મળ્યો વેગ


તસવીર : નયન કુહાડીયા

ધોરાજી,તા.૧૯

લાયન્સ ક્લબ ધોરાજી દ્વારા પ્લાસ્ટિક મુક્ત પર્યાવરણ જાળવવાના ઉમદા હેતુથી નાયલોન કાપડની બેગનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્લાસ્ટિકના વધુ પડતા અને બેદરકારી પૂર્વક ઉપયોગથી પર્યાવરણને થતા ગંભીર નુકસાનને અટકાવવા અને આવનારી પેઢીને પ્રદૂષણ મુક્ત વાતાવરણ આપવાના ધ્યેય સાથે આ જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

# ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં પ્રખ્યાત કેસર કેરીનું ધમાકેદાર આગમન

ગોંડલ,તા.૧૯



ગોંડલ બસ સ્ટેન્ડ સામે આવેલ APMC ફ્રુટ માર્કેટિંગ યાર્ડમાં આજે ફળોની રાણી ગણાતી ગીરની પ્રખ્યાત કેસર કેરીનું વિધિવત આગમન થયું છે. ઉનાળાની સિઝનની આ પ્રથમ આવકમાં જસાધાર, કંટાળા અને મોતીસર ગામના ખેડૂતો ગણેશ ફ્રુટ નામની પેઢીમાં અંદાજે ૨૦૦ બોક્સ લઈને પહોંચ્યા હતા. આ વર્ષે કેસર કેરીની આવક ગત વર્ષની સરખામણીએ આઠ દિવસ વહેલી જોવા મળી છે. હરાજી દરમિયાન કેરીના ૧૦ કિલોના એક બોક્સનો ઊંચો ભાવ રૂ.૫૫૦૦ અને નીચો ભાવ રૂ.૨૫૦૦ બોલાયો હતો. રાદડિયા ફ્રૂટના વેપારી દિવ્યેશભાઈ રાદડિયાએ હરાજીમાં સૌથી ઊંચી બોલી લગાવી કેરીની ખરીદી કરી હતી.

# ગોંડલમાં PGVCLનું મેગા ઓપરેશન: બાકી બિલ ધરાવતા સેંકડો વીજ જોડાણો કાપ્યા

ગોંડલ,તા.૧૯



ગોંડલ શહેરમાં PGVCL (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ) દ્વારા બાકી લેણાંની વસૂલાત માટે 'મેગા માસ ડિસકનેક્શન ડ્રાઈવ' શરૂ કરવામાં આવી છે. ગોંડલ વિભાગીય કચેરી હેઠળ આવતા તમામ વિસ્તારોમાં ૬૫ જેટલી ટીમો બનાવવામાં આવી છે. આ ટીમોમાં અંદાજે ૨૦૦ જેટલા કર્મચારીઓ જોડાઈને અલગ-અલગ વિસ્તારોમાં વીજ જોડાણ કાપવાની કામગીરી કરી રહ્યા છે. ગોંડલ શહેરમાં ૯૫ કનેક્શન કાપવામાં આવ્યા અને સાથે સાથે રૂ. ૧૬.૭૫ લાખ વસુલવામાં આવ્યા. રૂરલ (ભુણાવા) વિભાગ-૨ ૪૫ કનેક્શન કાપવામાં આવ્યા જેમાં રૂ. ૧૪.૯૨ લાખ વસુલવામાં આવ્યા. ગોંડલ ના ગ્રામ્ય વિભાગ-૨ ૩૨ કનેક્શન કાપવામાં આવ્યા જેમાં રૂ. ૧૨.૭૫ લાખ વસુલવામાં આવ્યા હતા. ગોંડલ વિભાગીય કચેરીના કાર્યપાલક ઈજનેર એન. જે. મેના જણાવ્યા અનુસાર, આ ડ્રાઈવ આગામી ૩૧ માર્ચ સુધી અવિરત ચાલુ રહેશે. આજે આ ડ્રાઈવમાં ડેપ્યુટી ઈજનેર એસ.પી.કણસાગરા, રૂરલ (ભુણાવા) વિભાગ-૨ ના નાયબ ઈજનેર પી.કે.શ્યારા, ગોંડલ ગ્રામ્ય વિભાગ - ૨ ના ડેપ્યુટી ઈજનેર જે.જે.રાવલ સહિતની ટીમે જહેમત ઉઠાવી હતી.

# અંબુજાનગર ખાતે અંબુજા ફાઉન્ડેશન અને સુદર્શન નેત્રાલય દ્વારા આંખ તપાસ શિબિર યોજાઈ: ૧૪૦ દર્દીઓની તપાસ

**આ કેમ્પમાં ૩૦ દર્દીઓને રિફ્રેક્ટિવ ખામી બદલ યોગ્ય ચશ્મા પૂરા પાડવામાં આવ્યા**

કોડીનાર,તા.૧૯



તસવીર : ધર્મેશ પાઠક

અંબુજાનગર ખાતે આવેલ કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં અંબુજા ફાઉન્ડેશન દ્વારા સુદર્શન નેત્રાલય, અમરેલીના સહયોગથી એક ભવ્ય આંખ તપાસ શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં કુલ ૧૪૦ દર્દીઓની આંખોની ઝીણવટપૂર્વક તપાસ કરવામાં આવી હતી. ડો. તપાસ દરમિયાન ૩૨ દર્દીઓમાં મોતિયા હોવાનું માલૂમ પડતા તેમને નિઃશુલ્ક ઓપરેશન માટે સુદર્શન નેત્રાલય હોસ્પિટલ, અમરેલી ખાતે રિફર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, ૩૦ દર્દીઓને રિફ્રેક્ટિવ ખામી બદલ યોગ્ય ચશ્મા પૂરા પાડવામાં આવ્યા હતા અને ૯ દર્દીઓમાં આંખમાં વેલ તથા જામર જેવી સમસ્યાઓ જોવા મળતા તેમને વધુ સારવાર માટે જરૂરી માર્ગદર્શન અપાયું હતું.

## દ્રૌપદી મુર્મુએ રામલલ્લાના દર્શન કરી, વૈદિક મંત્રોચ્ચાર અને વિધિવત પૂજા અર્ચના કરી

# અયોધ્યામાં રાષ્ટ્રપતિએ રામ મંદિરે 'શ્રી રામ યંત્ર'ની સ્થાપના કરી

અયોધ્યા, તા.૧૯

ચૈત્ર નવરાત્રિના પવિત્ર પ્રારંભે અયોધ્યા નગરી ફરી એકવાર અભૂતપૂર્વ આધ્યાત્મિક ગૌરવની સાક્ષી બની છે. ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ અયોધ્યાની મુલાકાત લઈ રામલલ્લાના ભક્તિભાવપૂર્વક દર્શન કર્યા હતા. આ પ્રસંગે તેમણે વૈદિક મંત્રોચ્ચાર અને શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે રામ મંદિરના બીજા માળે ૧૫૦ કિલોગ્રામ વજન ધરાવતા અને સોનાથી મઢેલા અત્યંત દુર્લભ 'શ્રી રામ યંત્ર'ની સ્થાપના કરી હતી. આ ઐતિહાસિક ક્ષણ વખતે ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. તમિલનાડુના કાંચીપુરમ મઠમાં તૈયાર કરવામાં આવેલું આ ભવ્ય રામયંત્ર કાંચીપુરમથી તિરુપતિ અને ત્યારબાદ ૧૦ દિવસની લાંબી રથયાત્રા દ્વારા અયોધ્યા લાવવામાં આવ્યું હતું. આધ્યાત્મિક દ્રષ્ટિએ 'શ્રી રામ યંત્ર'ને ભગવાન વિષ્ણુના અવતાર શ્રી રામના વિજય, શૌર્ય અને વૈશ્વિક ઉર્જાનું પ્રતીક માનવામાં આવે છે. આ યંત્રની સ્થાપના સાથે જ ૫૦૦ વર્ષના લાંબા સંઘર્ષ બાદ નિર્માણ પામી રહેલા રામ મંદિરનું કાર્ય હવે પૂર્ણાહુતિના આરે પહોંચ્યું છે. આ અવસરે રાષ્ટ્રપતિ દ્રૌપદી



મુર્મુ ભાવુક જણાતા હતા. તેમણે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, અયોધ્યામાં આ પવિત્ર કાર્યનો હિસ્સો બનવું એ તેમના જીવનની સૌથી પરિપૂર્ણ ક્ષણ છે. તેમણે ઉમેર્યું કે ૫૦૦ વર્ષના સંઘર્ષ બાદ ભારતને આ સૌભાગ્ય પ્રાપ્ત થયું છે અને રામ મંદિર આપણને આપણા સમૃધ્ધ સાંસ્કૃતિક વારસા સાથે જોડે છે. રાજ્યપાલ આનંદીબેન પટેલે રામ મંદિરને 'રાષ્ટ્રીય મંદિર' ગણાવ્યું હતું, જ્યારે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આ ઘટનાને સાંસ્કૃતિક પુનરુત્થાનની નિશાની ગણાવી હતી. તેમણે ખાસ નોંધ્યું કે આજના યુવાનો પશ્ચિમી સંસ્કૃતિ છોડીને મંદિરો અને આધ્યાત્મિકતા તરફ વળી રહ્યા છે. રામ મંદિરના નિર્માણમાં દેશવાસીઓની અતૂટ શ્રધ્ધાના દર્શન થાય છે. વર્ષ ૨૦૨૧માં ચાલેલા 'નિધિ સમર્પણ અભિયાન' દરમિયાન ૨,૫૦૦ કરોડ રૂપિયાથી વધુનું ભંડોળ એકત્ર થયું હતું, જેમાં પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે પ્રથમ દાન આપીને અભિયાનની શરૂઆત કરી હતી. આ ઉપરાંત મોરારી બાપુ, મુકેશ અંબાણી અને વિવિધ રાજકીય તેમજ સામાજિક અગ્રણીઓએ પણ મોટું યોગદાન આપ્યું હતું. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના ખજાનચી સ્વામી ગોવિંદ દેવ ગિરિ મહારાજે આ પ્રસંગે મંદિર નિર્માણની સફળ પૂર્ણાહુતિની જાહેરાત કરી હતી. આમ, નવરાત્રિના પ્રથમ દિવસે સ્થાપિત થયેલું આ રામયંત્ર આવનારી પેઢીઓ માટે ભારતીય એકતા અને અસ્મિતાનું પ્રતીક બની રહેશે.

## કોંગ્રેસ સાથે "મજબૂરીથી લગ્ન", બાદમાં "છૂટાછેડા" લેવા પડ્યા : દેવે ગૌડા

નવી દિલ્હી, તા. ૧૯

ભારતના ભૂતપૂર્વ વડા પ્રધાન એચ.ડી. દેવે ગૌડાએ કોંગ્રેસ સાથેના પોતાના સંબંધોને લઈને મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. તેમણે હળવી ભાષામાં કહ્યું કે તેઓ કોંગ્રેસ સાથે "મજબૂરીમાં પરણ્યા" હતા, પરંતુ તે સંબંધ અપમાનજનક બનતા તેમને "છૂટાછેડા" લેવા પડ્યા.આ નિવેદન મલ્લિકાર્જુન ખડગે દ્વારા રાજ્યસભામાં કરાયેલા ટિપ્પણીના જવાબમાં આવ્યું છે. ખડગેએ તેમના વિદાય ભાષણ દરમિયાન ગૌડાને લઈને મજાકિય અંદાજમાં કહ્યું હતું કે તેઓ પહેલા કોંગ્રેસ સાથે "પ્રેમ" કરતા હતા અને બાદમાં ભાજપ સાથે "લગ્ન" કર્યા. દેવે ગૌડાએ સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે કોંગ્રેસ ગઠબંધન તેમણે છોડ્યું નહોતું, પરંતુ કોંગ્રેસ જ તેમની પાસેથી દૂર થઈ ગઈ હતી. તેમણે ઉમેર્યું કે પરિસ્થિતિએ તેમને વધુ સ્થિર રાજકીય વિકલ્પ શોધવા માટે મજબૂર કર્યા. ઉલ્લેખનીય છે કે ગૌડા ૧૯૯૬માં કોંગ્રેસના સમર્થનથી વડા પ્રધાન બન્યા હતા.

## આસામ ચૂંટણી માટે ભાજપની પ્રથમ યાદીમાં ૮૮ ઉમેદવારો જાહેર, અનેક નવા ચહેરાઓને તક

નવી દિલ્હી, તા. ૧૯

ભારતીય જનતા પાર્ટીએ આસામ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ માટે તેની પ્રથમ ઉમેદવાર યાદી જાહેર કરી છે, જેમાં કુલ ૮૮ ઉમેદવારોના નામનો સમાવેશ કરવામાં આવ્યો છે. પાર્ટીની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક નરેન્દ્ર મોદી, રાજનાથ સિંહ અને અમિત શાહ સહિતના અગ્રણી નેતાઓની હાજરીમાં યોજાઈ હતી. યાદીમાં વર્તમાન મંત્રીઓ અને



ધારાસભ્યોને ફરી તક આપવામાં આવી છે, સાથે જ કેટલાક નવા ચહેરાઓને પણ સ્થાન અપાયું છે. મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્માને જાલુકબારી બેઠક પરથી ફરીથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે.

પાર્ટીએ પ્રાદેશિક સંતુલન જાળવવા માટે બ્રહ્મપુત્ર અને બરાક ખીણ બંને વિસ્તારોમાંથી ઉમેદવારો ઉભા રાખ્યા છે. પીયૂષ હજારિકા, જયંત મલ્લા બરુઆ, અશોક સિંઘલ અને અજંતા નિયોગ જેવા મંત્રીઓને ફરી ટિકિટ આપવામાં આવી છે. આ વખતે નંદિતા ગરલોસાને ટિકિટ ન મળવી મહત્વપૂર્ણ ફેરફાર ગણાઈ રહ્યો છે. ગુવાહાટી શહેરની તમામ બેઠકો પર નવા ઉમેદવારો ઉતારવામાં આવ્યા છે, જે શહેરી રણનીતિમાં બદલાવનો સંકેત આપે છે.

## લદાખ મુદ્દે ફરી ઉગ્રતાઃ સોનમ વાંગચુકની મુક્તિ બાદ લેહ-કારગિલમાં રેલીઓ શરૂ


લેહ, તા. ૧૯

લદાખમાં પર્યાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુકની મુક્તિના બે દિવસ બાદ લેહ અને કારગિલમાં ફરીથી વિરોધ રેલીઓ શરૂ થઈ છે. લદાખને રાજ્યનો દરજ્જો અને છઠ્ઠી અનુસૂચિમાં સમાવેશ કરવાની માંગ સાથે આંદોલનકારીઓએ કેન્દ્ર સરકાર પર વાટાઘાટો શરૂ કરવા દબાણ વધાર્યું છે. લેહ એપેક્સ બોડી અને કારગિલ ડેમોક્રેટિક એલાયન્સના આહવાન પર કારગિલ અને દ્રાસ વિસ્તારમાં સંપૂર્ણ બંધ પાળવામાં આવ્યો હતો. સુરક્ષા દષ્ટિએ સમગ્ર વિસ્તારમાં કડક બંદોબસ્ત ગોઠવાયો હતો, પરંતુ કોઈ અનિચ્છનીય ઘટના નોંધાઈ નથી. લેહમાં ચેરિંગ દોરજયના નેતૃત્વ હેઠળ સિંઘે નામગ્યાલ ચોકથી પોલો ગ્રાઉન્ડ સુધી રેલી યોજાઈ, જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. ગત સપ્ટેમ્બરમાં થયેલી હિંસક ઘટનાઓ બાદ આ પહેલી મોટી રેલી છે.

## ૩૫ વર્ષ બાદ દાઉદ ઈબ્રાહિમની રત્નાગિરિ જમીનની હરાજી સફળ, કરોડોની મિલકતને ખરીદદાર મળ્યો

મુંબઈ, તા. ૧૯

કુખ્યાત અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમની રત્નાગિરિ જિલ્લાના ખેડ તાલુકાના મુમ્બકે ગામ સ્થિત પૈતૃક ખેતીની જમીનોને આખરે ખરીદદાર મળી ગયો છે. કેન્દ્ર સરકાર દ્વારા ૫ માર્ચે કરવામાં આવેલી હરાજીમાં મુંબઈના એક બોલીદારે ચારેય પ્લોટ માટે સૌથી ઊંચી બોલી લગાવી હતી. આ હરાજી સ્મગલર્સ એન્ડ ફોરેન એક્સચેન્જ



મેનિપ્યુલેટર્સ (ફોરફિચર ઓફ પ્રોપર્ટી) કાયદા હેઠળ કરવામાં આવી હતી. આ મિલકતો અગાઉ દાઉદની માતા અમીના બીના નામે નોંધાયેલ હોવાનું જણાવાયું છે. સૌથી વધુ ચર્ચિત સર્વે નંબર ૪૪૨ (ભાગ ૧૩-બી) માટે ૧૦ લાખથી વધુની બોલી લાગી, જ્યારે બાકીના ત્રણ પ્લોટ માટે એક જ બોલીદાર આગળ આવ્યો હતો. વર્ષો સુધી આ મિલકતોની હરાજી નિષ્ફળ રહી હતી, કારણ કે દાઉદ સાથેના જોડાણને કારણે લોકો દૂર રહ્યા હતા. હરાજી જીતનારને એપ્રિલ ૨૦૨૬ સુધી સંપૂર્ણ રકમ જમા કરાવવી પડશે, ત્યારબાદ કાનૂની પ્રક્રિયા પૂર્ણ થશે. આ મિલકતો ૧૯૯૦ના દાયકામાં જપ્ત કરવામાં આવી હતી.

## પ. બંગાળમાં ટીએમસી નેતાની હત્યાથી રાજકીય ગરમાવો, ચૂંટણી પહેલા જ તણાવ

કોલકાતા, તા. ૧૯

પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગણા જિલ્લામાં તૃણમૂલ કોંગ્રેસના સ્થાનિક નેતા મશીઉર કાઝીની નિર્દય હત્યાએ રાજ્યમાં રાજકીય હલચલ મચાવી છે. ૩૮ વર્ષીય કાઝી દેગંગાના ચપટલા ગ્રામ પંચાયત વિસ્તારમાં બૂથ પ્રમુખ તરીકે કાર્યરત હતા. પરિવારજનોએ આ હત્યા વિધાનસભા ચૂંટણી પહેલા રચાયેલ



કાવતરું હોવાનું આક્ષેપ કર્યો છે. માહિતી મુજબ, બુધવારે રાત્રે ફોન મળ્યા બાદ મશીઉર ઘરેથી નીકળી ગયા હતા, પરંતુ પાછા ફર્યા નહોતા. બાદમાં ઝુજુરગચ્છા વિસ્તારમાં તેમનો વિકૃત મૃતદેહ મળી આવતા વિસ્તારમાં ભય અને તણાવ ફેલાયો હતો. આ ઘટનાએ ચૂંટણી પહેલા રાજકીય માહોલ વધુ ગરમાવ્યો છે અને પક્ષો વચ્ચે અથડામણની આશંકા ઉભી કરી છે. બીજી તરફ, દક્ષિણ ૨૪ પરગણાના બરુઈપુર વિસ્તારમાં પોલીસે ચેકિંગ દરમિયાન એક શંકાસ્પદ વ્યક્તિ પાસેથી રૂ.૧ લાખથી વધુ રોકડ જપ્ત કરી છે. રાજ્યમાં ૨૯૪ બેઠકો માટે મતદાન ૨૩ અને ૨૯ એપ્રિલે યોજાશે, જ્યારે પરિણામો ૪ મેના રોજ જાહેર થશે.

## એસબીઆઈની ફરિયાદના આધારે અનિલ અંબાણીની સીબીઆઈએ પુછપરછ હાથ ધરી

મુંબઈ,તા.૧૯

મુંબઈથી પ્રાપ્ત વિગતો અનુસાર રિલાયન્સ અનિલ ધીરુભાઈ અંબાણી ગ્રુપના વડા અનિલ અંબાણી ફરી એકવાર કાનૂની મુશ્કેલીમાં મુકાયા છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની ગંભીર ફરિયાદને આધારે સીબીઆઈ દ્વારા રિલાયન્સ કોમ્યુનિકેશન્સના હાઈ-પ્રોફાઈલ લોન કેસ સંદર્ભે તેમની કલાકો



સુધી પૂછપરછ કરવામાં આવી હતી. તપાસ એજન્સી મુખ્યત્વે બેંકિંગ નિયમોના ઉલ્લંઘન, હજારો કરોડના ભંડોળનું અન્યત્ર ડાયવર્ઝન અને નાણાકીય સ્થિતિ બાબતે ખોટી માહિતી આપવાના આરોપોની તપાસ કરી રહી છે.

તાજેતરમાં તેમના પુત્રની પૂછપરછ બાદ હવે ખુદ અનિલ અંબાણી તપાસના ઘેરામાં આવતા બેંકિંગ અને કોર્પોરેટ ક્ષેત્રમાં ભારે ગભરાટ અને ચર્ચાનો માહોલ જોવા મળી રહ્યો છે.

## એડીઆર રિપોર્ટમાં ખુલાસોઃ કેરળના ૭૦% ધારાસભ્યો પર ફોજદારી કેસ


નવી દિલ્હી, તા. ૧૯

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ અને કેરળ ઈલેક્શન વોચના તાજા અહેવાલમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. રિપોર્ટ મુજબ, કેરળ વિધાનસભાના ૧૩૨માંથી ૯૨ (લગભગ ૭૦%) ધારાસભ્યો પર ફોજદારી કેસ નોંધાયેલા છે, જેમાંથી ૩૩ સામે ગંભીર ગુનાઓના આરોપો છે. પક્ષવાર જોવામાં આવે તો સીપીઆઈ(એમ)ના ૭૪%, કોંગ્રેસના ૯૦% અને આઈયુએમએલના ૮૬% ધારાસભ્યો સામે કેસ નોંધાયા છે. આ ઉપરાંત, ૫૫% ધારાસભ્યો કરોડપતિ છે અને કુલ સંપત્તિ ૩૬૩.૭૮ કરોડ નોંધાઈ છે. મેથ્યુ કુઝાલનાદન સૌથી ધનિક ધારાસભ્ય છે. મહિલા પ્રતિનિધિત્વ માત્ર ૮% છે, જે રાજકીય સમતોલતાની દષ્ટિએ ચિંતાજનક માનવામાં આવે છે.

## હરિયાણામાં છેલ્લાં ૬ વર્ષમાં હાર્ટ એટેકથી ૧૮,૦૦૦ યુવાનોનાં મોત, સરકારનો ખુલાસો

ચંદીગઢ, તા. ૧૯

હરિયાણામાં છેલ્લા છ વર્ષમાં ૧૮-૪૫ વર્ષની વયના આશરે ૧૮,૦૦૦ યુવાનો હૃદયરોગના હુમલા અથવા હાર્ટ ફેલ્યોરથી મૃત્યુ પામ્યા હોવાનું હરિયાણા વિધાનસભામાં સરકાર દ્વારા રજૂ થયેલા આંકડાઓમાં સામે આવ્યું છે. જાન્યુઆરી ૨૦૨૦થી જાન્યુઆરી ૨૦૨૬ સુધીના સમયગાળામાં કુલ ૧૭,૯૭૩ મૃત્યુ નોંધાયા છે. વર્ષવાર આંકડા મુજબ ૨૦૨૧ અને ૨૦૨૫માં મૃત્યુઆંક વધુ રહ્યો હતો. સરકારે સ્પષ્ટ કર્યું



કે કોવિડ-૧૯ અથવા રસી સાથે કોઈ સીધી કડી અંગે કોઈ અભ્યાસ હાથ ધરાયો નથી. જિલ્લાવાર આંકડાઓમાં યમુનાનગરમાં સૌથી વધુ અને રોહતકમાં ઓછા મૃત્યુ નોંધાયા છે.

## ઈઝરાયલ દક્ષિણ પાર્સ ગેસ ક્ષેત્ર પર વધુ હુમલો નહીં કરે : ટ્રમ્પ

વોશિંગ્ટન, તા. ૧૯

અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષના ૨૦મા દિવસે પરિસ્થિતિ વધુ તંગ બની છે. તાજેતરમાં ઈઝરાયલે ઈરાનના સૌથી મહત્વપૂર્ણ ઊર્જા સ્ત્રોત દક્ષિણ પાર્સ ગેસ ક્ષેત્ર પર અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો કર્યો હતો, જેના કારણે વિસ્તારમાં ભારે આગ અને ધુમાડાના ગોટાળા જોવા મળ્યા હતા. આ



હુમલા બાદ ઈરાને પ્રતિશોધરૂપે કતારના એલએનજી સુવિધાઓને નિશાન બનાવતાં પ્રદેશમાં ચિંતાનો માહોલ સર્જાયો છે. આ ઘટનાની યુએઈ, કતાર અને ઓમાન સહિતના દેશોએ નિંદા કરી છે. આ વચ્ચે ડોનાલ્ડ ટ્રમ્પએ જણાવ્યું છે કે ઈઝરાયલ હવે દક્ષિણ પાર્સ ગેસ ક્ષેત્ર પર વધુ હુમલો નહીં કરે. તેમણે સ્પષ્ટ કર્યું કે અમેરિકા આ હુમલાની પૂર્વ માહિતીમાં નહોતું અને કતાર પણ તેમાં સામેલ નહોતું. ટ્રમ્પે ચેતવણી આપી કે જો કતાર પર ફરી હુમલો થશે તો કડક કાર્યવાહી થઈ શકે છે. દક્ષિણ પાર્સ ગેસ ક્ષેત્ર ઈરાનના ઊર્જા ઉત્પાદનનો મુખ્ય આધાર છે અને તેની અસર વૈશ્વિક ઊર્જા બજાર પર પણ પડી શકે છે.

## પાકિસ્તાન-ચીનના પરમાણુ શસ્ત્રોથી અમેરિકાને સૌથી વધુ ખતરો : તુલસી ગેબાર્ડની ચેતવણી

વોશિંગ્ટન, તા. ૧૯

અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરતાં તુલસી ગેબાર્ડએ પાકિસ્તાન અને ચીનના વધતા પરમાણુ શસ્ત્રોને મોટો ખતરો ગણાવ્યો છે. યુએસ સેનેટ ઈન્ટેલિજન્સ કમિટીની સુનાવણી દરમિયાન તેમણે જણાવ્યું કે ૨૦૩૫ સુધીમાં અમેરિકી મુખ્ય ભૂમિ પર પરમાણુ હુમલાનો જોખમ દસ ગણો વધી શકે છે.ગેબાર્ડે



જણાવ્યું કે ચીન, રશિયા, પાકિસ્તાન, ઉત્તર કોરિયા અને ઈરાન અદ્યતન ડિલિવરી સિસ્ટમ્સ વિકસાવી રહ્યા છે, જેમાં હાઈપરસોનિક અને બેલિસ્ટિક મિસાઈલોનો સમાવેશ થાય છે. આ શસ્ત્રો પરંપરાગત મિસાઈલ સંરક્ષણ પ્રણાલીઓને ભેદી શકે તેવી ક્ષમતા ધરાવે છે. તેમણે ચેતવણી આપી કે આ દેશોની વધતી ક્ષમતાઓ માત્ર અમેરિકાને જ નહીં પરંતુ વૈશ્વિક સ્થિરતાને પણ જોખમમાં મૂકે છે. ખાસ કરીને ચીન અને રશિયા ઝડપથી પોતાની પરમાણુ શક્તિનો વિસ્તાર કરી રહ્યા છે.આ પરિસ્થિતિ વચ્ચે ગેબાર્ડે સંરક્ષણ મજબૂત કરવા સાથે રાજદ્વારી પ્રયાસો વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

## બગસરામાં ભારે પવન સાથે દોઢ ઈંચ વરસાદ નોંધાયો, રસ્તાઓ અને ખેતરો પાણી-પાણી

# અમરેલી સહિત રાજ્યમાં ભારે પવન સાથે કમોસમી વરસાદ

અમરેલી,તા.૧૯

ગુજરાતના વાતાવરણમાં આવેલા અચાનક પલટાએ ખેડૂતો અને સામાન્ય જનજીવનને મુશ્કેલીમાં મૂકી દીધું છે. હવામાન વિભાગની આગાહી વચ્ચે રાજ્યના કચ્છ, અમદાવાદ, મોરબી, રાજકોટ સહિત અનેક જિલ્લાઓમાં સાંજે ૪ વાગ્યા બાદ કમોસમી વરસાદ (માવઠું) અને ભારે પવન ફૂંકાતા ખેતીના પાકને વ્યાપક નુકસાન થયું છે. કચ્છના વાગડ અને પશ્ચિમ કચ્છમાં કુદરતનો બેવડો માર જોવા મળ્યો છે. રાત્રે ફૂંકાયેલા મિની વાવાઝોડા બાદ આજે સાંજે પણ મિનિ વાવાઝોડા જેવી સ્થિતિ સર્જાઇ છે, અનેક વિસ્તારોમાં કરા સાથે વરસાદ ખાબક્યો છે. પવનના જોરને કારણે કંડલામાં મોબાઈલ ટાવર ધરાશાયી થયો છે, બપોરબાદ અમરેલી જિલ્લાના વાતાવરણમાં અચાનક પલટો આવતા અમરેલીમાં ૬ મીમી, બગસરામાં ૪૧ મીમી,વડીયામાં ૧૫ મીમી, બાબરામાં ૫ મીમી, લીલીયામાં ૪ મીમી, ધારીમાં ૧૫ મીમી, સાવરકુંડલામાં ૧૯ મીમી, ખાંભામાં ૧, મીમી, રાજુલામાં ૬ મીમી લાઠી,ધારી સહિતના પંથકોમાં ગાજવીજ અને તીવ્ર પવન સાથે વરસાદી માહોલ સર્જાયો હતો. આ કુદરતી આફતને કારણે અનેક વિસ્તારોમાં તોતિંગ વૃક્ષો ધરાશાયી થવાના બનાવો બન્યા છે, જેના લીધે અનેક ગામોમાં વીજળી ગુલ થઈ ગઈ હતી. ખાસ કરીને બગસરામાં ટૂંકા સમયમાં ધોધમાર દોઢ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. આ કવખતના વરસાદને લીધે ગીર પંથકના પ્રખ્યાત કેરીના પાકને ભારે નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે કારણ કે પવન સાથેના વરસાદે તૈયાર થયેલા શિયાળુ પાકને પણ મોટું નુકસાન પહોંચાડ્યું છે, જેનાથી કૃષિ ક્ષેત્રે આર્થિક ફટકો પડવાની શક્યતા છે. કમોસમી વરસાદને કારણે કેરીના પાકને પણ ભારે નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. હાલ તો માવઠાએ ખેડૂતોની આર્થિક કમર તોડી નાખી છે. રાજુલા શહેરમાં દિવસભરના અસહ્ય ઉકળાટ બાદ સાંજે સાડા છ વાગ્યે પવનની દિશા બદલાતા ધૂળની ડમરીઓ સાથે તોફાની પવન ફૂંકાયો હતો જેના કારણે દ્રશ્યક્ષમતા ઘટતા વાહનચાલકો અને રાહદારીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. સાવરકુંડલામાં પણ અચાનક ફૂંકાયેલા જોરદાર પવનને લીધે બસ સ્ટેન્ડ પાસે ઉભેલા પીકઅપ વાહનના તંબુ ઉડીને ધરાશાયી થયા હતા જોકે સદનસીબે કોઈ જાનહાનિ નોંધાઈ નથી. વડિયા પંથકમાં સતત બીજા દિવસે ગાજવીજ સાથે મિની વાવાઝોડા જેવી સ્થિતિ સર્જાતા ભર ઉનાળે ચોમાસાનો અહેસાસ થયો હતો. આ કમોસમી વરસાદને કારણે જગતનો તાત ચિંતામાં મુકાયો છે કારણ કે ઘઉં, ચણા, ધાણા, ડુંગળી અને ઉનાળુ કેરીના પાકને વ્યાપક નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. આ ઉપરાંત ઈંટોના વ્યવસાય સાથે જોડાયેલા લોકોની મહેનત પર પણ પાણી ફરી વળ્યું છે. હવામાન વિભાગે લાઠી પંથક માટે ‘રેડ એલર્ટ’ અને સૌરાષ્ટ્ર માટે ‘ઓરેન્જ એલર્ટ’ જાહેર કર્યું છે જેમાં ૫૦ થી ૭૦ કિમીની ઝડપે પવન ફૂંકાવાની આગાહી કરવામાં આવી છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે સર્જાયેલી આ સ્થિતિમાં લોકોને સુરક્ષિત સ્થળે રહેવા અને APMC યાર્ડમાં ખેતપેદાશોને સાચવી રાખવા તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી છે.


તસવીર : જગદીશ ખેર


તસવીર : સૌરભ દોશી


તસવીર : દીપ કારીયા


તસવીર : ગોપાલ રાઠોડ


તસવીર : હાર્દિક બામટા

### બગસરામાં દોઢ ઈંચ વરસાદ નોંધાયો

બગસરામાં બપોરના સમયે અચાનક વાદળછાયુ વાતાવરણ થયા બાદ સાંજના ૪ વાગ્યે ભારે પવનની સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. એક કલાક સુધી ધોધમાર વરસાદ વરસતા અંદાજે દોઢ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી પરંતુ ખેડૂતોના પાકને ભારે નુકસાન થયુ હોવાનુ સામે આવ્યું છે.

# અમદાવાદમાંથી રૂ.૨.૧૦ કરોડ અને સુરતમાંથી રૂ.૮૦ લાખની નકલી નોટ ઝડપાઈ

અમદાવાદ,તા.૧૯

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે અમરાઈવાડી વિસ્તારમાંથી રૂ.૨.૧૦ કરોડની અને સુરતમાંથી રૂ.૮૦ લાખની નકલી નોટો ઝડપી પાડીને એક મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. આ ઓપરેશનમાં કુલ ૭ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જેમાં સત્યમ યોગ ફાઉન્ડેશનના પ્રદીપ ગુરુજીનો પણ સમાવેશ થાય છે. તપાસમાં બહાર આવ્યું છે કે આરોપીઓ ‘ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા’ અને ‘આયુષ મંત્રાલય’ લખેલી ગાડીઓનો ઉપયોગ કરીને પોલીસની નજરથી બચતા હતા. આ સમગ્ર કૌભાંડનો માસ્ટરમાઈન્ડ મુકેશ ઠુંમર હોવાનું સામે આવ્યું છે. આરોપીઓએ આશ્ચર્યજનક રીતે નકલી નોટોના પરફેક્ટ સેટિંગ માટે ‘ચેટ જીપીટી’ જેવા AI ટૂલની મદદ લીધી હતી. નોટો બનાવવા માટેનું મટીરિયલ ચીનથી મંગાવવામાં આવતું હતું અને તેનું પેમેન્ટ ક્રિપ્ટો કરન્સી દ્વારા કરવામાં આવતું હતું. આરોપીઓ છેલ્લા છ મહિનાથી આ પ્રવૃત્તિમાં સામેલ હતા અને અગાઉ પણ રૂ.૨૦ લાખની નકલી નોટો બજારમાં વટાવી ચૂક્યા છે. હાલ પોલીસ આ આંતરરાષ્ટ્રીય કનેક્શન અને અન્ય એજન્ટોની ઊંડી તપાસ કરી રહી છે.




# સુરતના કાપોદ્રામાં ભીષણ આગથી બે એલપીજી સિલિન્ડર બ્લાસ્ટ થતાં બેનાં મોત, ૧૧ લોકોને બચાવાયા

સુરત, તા.૧૯

સુરતના કાપોદ્રા વિસ્તારમાં આવેલ રચના સર્કલ નજીક ભરતનગરમાં આજે વહેલી સવારે એક મોટી દુર્ઘટના ઘટી હતી. અહીં એક ઔદ્યોગિક એકમમાં અચાનક આગ ફાટી નીકળતા અને ગેસ સિલિન્ડરના વિસ્ફોટ થતા બે વ્યક્તિઓના કરુણ મોત નીપજ્યા છે.

આજે સવારે અંદાજે ૫:૩૦ વાગ્યે ફાયર વિભાગને કાપોદ્રાના ભરતનગર પાસે આગ લાગી હોવાનો કોલ મળ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તાત્કાલિક ચાર ફાયર ટેન્ડરો સ્થળ પર રવાના કરવામાં આવ્યા હતા. જોકે, ફાયર ટીમ પહોંચે તે પહેલાં જ ઈમારતમાં એક એલપીજી સિલિન્ડર ફાટતા આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. તપાસ દરમિયાન સ્થળ પરથી કુલ આઠ સિલિન્ડર મળી આવ્યા હતા, જેમાંથી બેમાં વિસ્ફોટ થયો હતો, જ્યારે બાકીના છ સિલિન્ડરને સુરક્ષિત રીતે બહાર કાઢી પોલીસને સોંપાયા હતા. જીવના જોખમે ટીમે કુલ ૧૧ લોકોને બહાર કાઢ્યા હતા, જેમાંથી બે વ્યક્તિઓના મોત થયા છે અને અન્ય નવ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.




# ગુજરાતના ૧૬ મહાનગરોમાં ૨૧-૨૨ માર્ચે ‘મિલેટ મહોત્સવ’ની ભવ્ય ઉજવણી કરાશે

ગાંધીનગર,તા.૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ આગામી ૨૧ અને ૨૨ માર્ચના રોજ રાજ્યભરમાં “મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-૨૦૨૬”નું આયોજન કરવામાં આવ્યું છે.

કૃષિ મંત્રીએ વિગતો આપતા જણાવ્યું કે, વડાપ્રધાનના ‘શ્રી અન્ન’ વિઝનને સાકાર કરવા અમદાવાદના રિવરફ્રન્ટ સહિત રાજ્યના ૧૬ મહાનગરોમાં આ મહોત્સવ યોજાશે.

આ અંતર્ગત ખેડૂતો અને એફ.પી.ઓ.ને વિનામૂલ્યે ૭૦૦થી વધુ સ્ટોલ ફાળવવામાં આવ્યા છે, જેથી ગ્રાહકો સીધા જ પૌષ્ટિક મિલેટ ઉત્પાદનો ખરીદી શકે. મહોત્સવમાં મિલેટ પ્રદર્શની, ફૂડ ફેસ્ટ અને એગ્રી-સ્ટાર્ટઅપ વિશેષ આકર્ષણ રહેશે.



# રાજ્યમાં ચૈત્રી નવરાત્રિનો ભવ્ય પ્રારંભ: શક્તિપીઠોમાં ઉમટ્યું ભક્તોનું ઘોડાપૂર

અમદાવાદ, તા.૧૯

આજે સમગ્ર ગુજરાતમાં ચૈત્રી નવરાત્રિની આસ્થાભેર શરૂઆત થઈ છે. પાવાગઢ, અંબાજી અને બહુચરાજી જેવા શક્તિપીઠોમાં વહેલી સવારથી જ ’જય માતાજી’ના નાદ સાથે ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. પાવાગઢ ખાતે નિજ મંદિરના દ્વાર ખુલતા જ હજારો શ્રદ્ધાળુઓએ મંગળા આરતીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. અમદાવાદના ભદ્રકાળી અને ગાયત્રી મંદિર સહિત રાજ્યના અન્ય મંદિરોમાં પણ ઘટ સ્થાપન અને વિશેષ અનુષ્ઠાનો શરૂ થયા છે. શ્રદ્ધાળુઓ ગરબા અને ઉપાસના દ્વારા શક્તિની આરાધના કરી રહ્યા છે, જેનાથી સમગ્ર રાજ્યમાં ભક્તિમય માહોલ છવાયો છે.



# સુરતના રાંદેરમાં હોમગાર્ડની શરમજનક કરતૂત: પરિણીતા પર દુષ્કર્મ ગુજારી લાખોની મિલકત પડાવી

સુરત,તા.૧૯

સુરતના રાંદેર વિસ્તારમાં એક હોમગાર્ડ દ્વારા પરિણીત મહિલાને બ્લેકમેલ કરી દુષ્કર્મ આચરવાનો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આરોપી હોમગાર્ડ પ્રકાશ છબલાણીએ ‘મિસિંગ’ની એક અરજીમાંથી મહિલાનો નંબર મેળવી, પોતાને પોલીસ અધિકારી ગણાવી તેની સાથે મિત્રતા કેળવી હતી. આરોપીએ મહિલાને નશીલું પીણું પીવડાવી દુષ્કર્મ આચર્યું અને તેનો વીડિયો ઉતારી લીધો હતો. આ વીડિયોના આધારે બ્લેકમેલ કરીને તેણે મહિલા પાસેથી લાખોના દાગીના અને નવી બાઈક પડાવી લીધી હતી. આ સતત શોષણથી કંટાળીને મહિલાએ આખરે રાંદેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે આરોપી વિરુધ્ધ ગુનો નોંધી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. આ ઘટના સરકારી તંત્રમાં રહેલા લોકો દ્વારા સત્તાના દુરુપયોગ અંગે ગંભીર સવાલો ઉભા કરે છે.







